॥ વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવનસહારો ॥

# ॥ અધ્યાત્મ ॥

(આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું માસિક)

**સંસ્થાપક :** પરમ પૂજ્ય યોગેશ્વરજી

**પ્રકાશક :** સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ

**આદ્ય તંત્રી :** શ્રી નારાયણ જાની

**સંપાદક :** શ્રી તરલા દેસાઈ-ડૉ. અરુણા ઠાકર

**વ્યવસ્થાપક :** શ્રી આશિષ વી. ગોહિલ P.9428222357

**મુદ્રણ :** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, OLD L.I.G 167, આનંદનગર, ભાવનગર-૫

**લેખો મોકલવાનું સ્થાન :** ૩૦૧/મૂર્તિધામ ડ્રીમ્સ, ભગવતી નર્સરીની બાજુમાં,
ડી.કે.પટેલ હોલ સામે, નારણપુરા, અમદાવાદ-૧૩

અધ્યાત્મ' ઈમેઈલ એડ્રેસ : avgohil1@gmail.com

વેબ સાઈટ 'SWARGAROHAN.ORG'

ગ્રાહકોને 'ગ્રાહક નંબર' સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.

'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે.

આ અંકના ટાઈટલ પેઈજ સાથે કુલ પાનાં ૬૮.

છૂટક નકલ ૮-૦૦। આજીવન **૨૫૧/–**

વિદેશમાં વાર્ષિક રૂા. **૧૬૫૦/–**। આજીવન **૧૬,૫૦૦/–**

'અધ્યાત્મ'માં અધ્યાત્મવિષયક લેખો, ભજનો, ગીતો આવકાર્ય છે.

'અધ્યાત્મ'નું વાર્ષિક લવાજમ બંધ કરેલ છે. તેને બદલે નવા બનનાર ગ્રાહકે ઓછામાં ઓછા બે વર્ષનું લવાજમ રૂા. ૫૦/– ભરવાનું રહેશે.

આ લવાજમ ડ્રાફ્ટ અથવા મનીઑર્ડરથી નીચેના સરનામે મોકલવાનું રહેશે :

**સર્વમંગલ ચૅરિટેબલ ટ્રસ્ટ**

'સ્વર્ગારોહણ', દાંતા રોડ, **અંબાજી.** તા. દાંતા, જી : બનાસકાંઠા

પિન કોડ : ૩૮૫૧૧૦ ફોન નં. ૦૨૭૪૯-૨૬૨૨૬૯


## ॥ 'મા'ને માત્ર જુઓ ॥

### (પૂજ્યશ્રી 'મા'ના ટચૂકડા સંદેશનો મર્મ)

એક ઝેન ફકીર કહે છે : **'**અમે આંગળી ચીંધી ચંદ્ર બતાવીએ છીએ. કહેતા નથી કે, 'આ ચંદ્ર છે.' એમ પણ નથી કહેતા કે, 'એ સુંદર છે.' અમે કેવળ ઈશારો કરીએ છીએ.

પણ તમે નથી ચંદ્રને જોતા, નથી એની સુંદરતા અનુભવતા ! તમે અમારી આંગળી પકડી લઈ કહો છો : 'કેવી સુંદર ! કેવી સલામત ! કેવી સુવિધાપૂર્ણ !' આમ શાસ્ત્રોના સિદ્ધાંતોની પકડથી વ્યાખ્યાની જાળ ઊભી કરી, એનાં ગુણલક્ષણો નક્કી કરવા બેસી જાઓ છો.

હવે ચંદ્ર તો માત્ર જોવાનો છે. 'જુઓ' — 'Just Look !' કોઈ શોધ ન કરો. માત્ર નિહાળો. આ સીધું - સાક્ષાત્, 'કેવળ દર્શન' છે. આ જ 'પ્રત્યક્ષીકરણ' છે, 'શુદ્ધ સંવેદન' છે. આ અનુભવવા માટે તમારે નિષ્ક્રિય થવું પડે, ધ્યાની થવું પડે, એકાગ્રતા કેળવવી પડે. આ દર્શનની આડે આવતા તમામ અવરોધો ઓગળી જાય ત્યારે, તે ક્ષણે તમે 'ભીતર આત્મા' અનુભવશો. અને બહાર અણુએ અણુમાં રહેલા 'પરમાત્મા'ને અનુભવી શકશો.

ભ્રાન્તિ, અટકળો, અનુમાનો, કલ્પનાઓ હટાવશો એટલે 'નિર્ભેળ સત્ય' સ્વયં પ્રગટ થઈ જશે.'

આ જ રીતે પરમ પૂજ્યશ્રી 'મા'ને જોવાથી, માત્ર નિહાળવાથી તેઓશ્રીની 'પરમ ચેતના' આપણી સમક્ષ પ્રગટ થઈ જશે. આપણી ચેતનાનો સંબંધ એ 'પરમ ચૈતન્ય' સાથે જોડાતાં, આપણે શાંત-પ્રશાંત થઈ જઈશું.

**—સંકલન**

॥ ૐ યોગેશ્વરાય નમઃ ॥
॥ ૐ મા સર્વેશ્વર્યૈ નમઃ ॥

## પરમ પ્રેમમયી 'મા'નો પુનિત પ્રાગટ્યદિન

(૧૩ નવેમ્બર, ૨૦૨૦)

## ॥ પૂજ્યશ્રી 'મા' સર્વેશ્વરી વિશેષાંક ॥

'સર્વેશ્વરી મહાદેવી સર્વલોકનિવાસિની
નમું તેને, નમું તેને વારંવાર નમું નમું
સૌન્દર્યમૂર્તિ સામ્રાજ્ઞી સ્વસ્વરૂપે પ્રતિષ્ઠિતા
નમું તેને નમું તેને વારંવાર નમું નમું.
માધુર્યમંડિતા દેવી પ્રતિમા દિવ્ય પ્રેમની,
મનોરમા કરુણાર્દ્રા વર્ષા સંમિષ્ટ રે'મની.
સદા પ્રસન્ન ને શાંત અનન્યા વરદાયિની
નમું તેને, નમું તેને વારંવાર નમું નમું.
દક્ષિણેશ્વરની દેવી અભયા વિશ્વરૂપિણી
નમું તેને, નમું તેને વારંવાર નમું નમું.'

**—શ્રી યોગેશ્વરજી**



# અનુક્રમ


| | | |
|---|---|---|
| નિવેદન | | ૫ |
| ૧. શ્રી યોગેશ્વરકથામૃત | શ્રી 'મા' સર્વેશ્વરી | ૮ |
| ૨. શ્રીહરિની પ્રસાદી | સંકલન | ૧૧ |
| ૩. દીકરી ગઈ તો શું રડવાનું ? | સંકલન | ૧૩ |
| ૪. શ્રી સરોજબેનનો પ્રથમ પરિચય | શ્રી યોગેશ્વરજી | ૧૫ |
| ૫. પરમ પ્રેમમયી 'મા'નું પ્રેમભર્યું આહ્‌વાન | શ્રી'મા' સર્વેશ્વરી | ૧૮ |
| ૬. સરસ્વતી અને સંગીતનો સુભગ સુયોગ | ડૉ. અર્પિતા જોશી | ૨૦ |
| ૭. પૂજ્યશ્રી 'મા'માં જીવ-શિવ સંવાદ | સંપાદન | ૩૧ |
| ૮. એકમેકને પૂરક બનતી બે રચનાઓ | સમીક્ષા | ૩૫ |
| ૯. એકનામધારી બે કાવ્યો | સમીક્ષા | ૩૮ |
| ૧૦. સચેતન પ્રતિમા દ્વારા અપ્રતિમની પ્રાપ્તિ | સંકલન | ૪૨ |
| ૧૧. પૂજ્યશ્રી 'મા' : પ્રભુપ્રેમદ્વાર | સંકલન | ૪૫ |
| ૧૨. પૂજ્યશ્રી 'મા' : ચૈતન્યધારા | તરલા દેસાઈ | ૫૨ |
| ૧૩. 'એ છે સર્વેશ્વરીનો શ્યામ રે' | રસલક્ષી સમીક્ષા | ૫૮ |
| ૧૪. પૂજ્યશ્રી'મા' ૐ સ્વરૂપા | સંકલન | ૬૩ |
| ૧૫. 'હાર્દિક અભિનંદન !' | 'અધ્યાત્મપરિવાર' | ૬૪ |


### ॥ વિનમ્ર વિજ્ઞપ્તિ ॥

પરમ સદ્‌ગુરુશ્રી યોગેશ્વરજીના 'અધ્યાત્મ' પ્રસારના સ્વપ્નને સાકાર કરવા સર્વ ધ્યાનકેન્દ્રોના સૂત્રધાર '૧૦૮ નવા વાચકોને' 'અધ્યાત્મ' માસિકના આજીવન સભ્ય બનાવી; '૧૦૮ જ્ઞાનપુષ્પો' પૂજ્યશ્રીના શ્રીચરણકમળમાં અર્ઘ્ય ધરી, ષોડશીપૂજા કરે એવી પ્રાર્થના છે.

## નિવેદન : 'શતયોગવંદનમ્' પર્વને મસ્તકે મુકુટ 'સર્વવંદનમ્' પર્વનો !

'સ્વર્ગારોહણ'માં જ નહિ, આપણા સર્વના મન-અંતરમાં ૧૫ ઑગસ્ટ, ૨૦૨૦થી વણથંભ્યું પરમ સદ્‌ગુરુ શ્રી યોગેશ્વરજીનું 'શતયોગવંદનમ્ પર્વ' અવનવાં રૂપે ઝિલમિલ થયા કરે છે. એ આહ્‌લાદને દ્વિગુણિત કરતું પૂજ્યશ્રી'મા'ના પુનિત પ્રાગટ્યનું '૭૭મું સર્વવંદનમ્ પર્વ' ૧૩મી નવેમ્બરે આવતાં સોનામાં જાણે સુગંધ ભળે છે.

આ બંને પરમ ચેતનાઓના 'આધ્યાત્મિક સાયુજ્ય'ની દિવ્ય લહેરો આપણને સાત્ત્વિક પ્રસન્નતાથી ભરી દે છે; અને આપણો 'ઉત્સાહ' જાણે 'મહોત્સાહ'માં પરિણમે છે.

'સ્વર્ગદ્વાર'ના સત્સંગોમાં પોતાની જન્મશતાબ્દીના મહોત્સવનાં પડઘમ ગુંજતાં સાંભળી પૂજ્યશ્રી યોગેશ્વરજી જાણે 'કબીરી અંદાઝ'માં કહી રહ્યા છે :

'યોગેશ્વર યોગેશ્વર ક્યા કરો ?

એક સર્વેશ્વરી કે પ્રેમમેં બહ ગયે લાખોં યોગેશ્વર.'

—અને કૅલેન્ડર પૂ.શ્રી'મા'ના પ્રાગટ્યની તારીખ એમાં ઝંકૃત કરી દઈ, 'મધુર અદ્વૈત'નો દિવ્ય સૂર વહેતો કરી જ દે છે.

વેદમાં એક વિધાન છે : '

'તેણે તે જોયું, તે થઈ ગયો, જે તે હતો જ !'

—એટલે કે પૂ.શ્રી 'મા'એ 'સદ્‌ગુરુમાં પ્રભુ જોયા, તે પ્રભુ થઈ ગયાં, જે તે હતાં જ !' પણ આ થયું સહજ લીલયા ! અર્થાત્ પ્રયાસથી નહિ, પ્રસાદથી.

જો કે, effortless થવા પૂ.શ્રી 'મા'એ જે efforts કર્યા છે, તે અકલ્પ્ય છે. તેઓશ્રીની વર્ષોથી ચાલતી એકધારી, આકરી



તપસ્યા સમજવી, આપણા ગજાની બહાર છે. જીવનને યજ્ઞ સમજી, સતત એમાં હોમાતાં રહી, સર્વ ઈન્દ્રિયસુખોને ભસ્મીભૂત કરી, આત્માનો અખંડ હુતાશન પ્રજ્વલિત રાખવાનો ભગીરથ પુરુષાર્થ પૂ.શ્રી 'મા' જ કરી શકે.

ભીતર જાત માટે અતિ કઠોર લાગતાં પૂ.શ્રી 'મા' બહિર્જગતમાં પોતાનાં મૌન-વાણી-વર્તન-વ્યવહારમાં અતિ મૃદુ ! આભિજાત્ય, સંયમ, શિષ્ટતા એમના નિતાન્ત પ્રેમમાંથી સતત ઝરતાં જ રહે. દિવ્યતાને સમાંતરે માનવીયતાના ઊર્ધ્વ શિખરે હંમેશ આરૂઢ !

તેઓશ્રી ભક્તો સાથે two way trafficમાં માને છે. સંત-જિજ્ઞાસુનો સંબંધ કેટલો મધુર હોઈ શકે, એ તો અનુભવે એ જ જાણે. સ્વયં પૂર્ણતાની જીવંત તસ્વીર. પણ આપણી અપૂર્ણતાઓ-અધૂરપોને મધુરપમાં ફેરવી, આપણી ગરિમા અકબંધ રાખે. બહુ સહજભાવે આપણાં રજસ્-તમસ્ ખંખેરતાં જઈ, આપણા સત્ત્વમાં આપણને સ્થિર કરે. આ 'મા' જન્મ-જીવનદાત્રી નહિ, જીવનમર્મદાત્રી છે, સાચા જિજ્ઞાસુઓ માટે સદૈવ આતુર !

પૂજ્યશ્રી 'મા'ને તો 'લૂંટવ્યું એટલું લ્હાણ' આપણે લેતાં થાકીએ એટલું અઢળક આપે. તેઓશ્રીની અનુકંપા સર્વ તરફ એકસરખી વહે. ઉંમર-અવસ્થા-ભૂમિકાનાં કોઈ લેખાંજોખાં નહિ. સર્વ સાથે આત્મીયતા. સૃષ્ટિના સઘળા અંશો સાથે સજીવ નાતો ! કોઈપણ ભક્તના જીવનમાં હર્ષ-શોકના પ્રસંગે તેમની 'કરુણા' કોઈ ને કોઈ સ્વરૂપે પહોંચ જ પહોંચે. પછી એ વિઘ્નનાશક, કષ્ટભંજક, સરસ્વતી કે લક્ષ્મીસ્વરૂપે કેમ ન હોય ? કલ્યાણમયી, આનંદમયી 'મા' સર્વદા આપણી પડખે હોય જ હોય.

સુલભતા પૂ.શ્રી 'મા'નો પ્રધાન ગુણ હોવાથી ચેતનાના જે સ્તરે એ છે, એનો અંદાઝ આવવો અસંભવ ! ભીતર-બહારના ઐશ્વર્યથી છલોછલ તેઓશ્રીનું being 'Full Blossomed Flower-namely Lotus છે.' સરોજમાંથી રૂપાંતરિત 'પૂર્ણ પ્રસ્ફુટિત પદ્મ.' તેઓશ્રી સર્વનાં છતાં કોઈનાં નહિ. સંપૂર્ણ અનુરક્ત છતાં પૂર્ણ વિરક્ત એવાં આ 'મા' શત-લાખ-કરોડ-અબજનાં નહિ, આપણા જન્મોજન્મના અગણિત પ્રણામોનાં અધિકારી છે.

આ પૂર્ણપ્રેમસ્વરૂપા 'મા' આપણાં છે. આપણી રગેરગને ઓળખે છે. આપણને આપણા કરતાં વધારે જાણે છે-ચાહે છે. આનાથી અધિક સદ્ભાગ્ય આ પૃથ્વી પર બીજું કયું હોઈ શકે ?

'હે પ્રભુ ! અમારાં પ્રેમમયી 'મા'ને સદા અમારી સંમુખ, અમારી આસપાસ રાખજો. તેઓશ્રીની 'ઉપસ્થિતિ એવ અનુગ્રહ' અમારે માટે છે; એ કદી વિસરીએ નહિ એવું વરદાન આપજો.'

હે કરુણામયી 'મા' ! આપનાં શ્રીચરણકમળમાં સમગ્ર 'અધ્યાત્મ-પરિવાર'નાં કોટિ કોટિ વંદન-પ્રણામ-પ્રાર્થના !

**'ફળની સેવા મહામૂલી**
**ફૂલની સેવા મધુર**
**પણ અમે તો સમર્પણભાવથી**
**છાંયો પાથરતાં પર્ણો બનીને**
**આપનું સેવકપદ ચાહીશું.'**

**—રવીન્દ્રનાથ ટાગોર**



# ॥ શ્રી યોગેશ્વરકથામૃત ॥

**દક્ષિણ આફ્રિકાનો પુણ્યપ્રવાસ—દિન ૮૨**
**તા. ૬-૨-૮૩, રવિવાર, મહા વદ નોમ ૨૦૩૯**
**ઈસ્ટ લંડનથી ડરબન**

આજે ભોજન બનાવવાની ઈચ્છા ન હતી. તેથી ફળ-દૂધ લીધાં. યજમાન પરિવારને એમાં આશ્ચર્ય પણ ના થયું. ઈશ્વરની ઈચ્છા મુજબ, આજે આ શહેરને છોડીને અમે ડરબન જઈશું.

ડરબનનો ઉતારો આ વખતે બદલવાનો છે અને તેથી શ્રી રતિભાઈના રિઝર્વહીલ આવેલા સ્વતંત્ર બંગલામાં આજથી નવો નિવાસ શરૂ થશે.

શ્રી રતિભાઈ પૂ.શ્રીને સર્વપ્રકારે સંપૂર્ણ અનુકૂળતા રહે તે માટે ચિંતા સેવ્યા કરે છે. એમની સાથેની ફોનની વાતચીતમાં પણ તેઓ કહે છે કે, આપ, અમારે ત્યાં આવો ને ત્યારે અમારી કાંઈ ભૂલ થાય તો જરા પણ સંકોચ વિના હકથી અમને કહેજો. અમે તૈયારી તો કરી જ છે, પણ બધું તમારું જ છે એમ માનજો.

બે વાગ્યે ઈસ્ટ લંડનથી વિદાય થયાં. ત્રણ ને પાંત્રીસ મિનિટે ઊપડતા પ્લેન દ્વારા ડરબન જવાનું હતું. એ પ્લેન કેપટાઉનથી આવતું હતું. પણ અહીં તો બધું જ નિયમિત અને એથી નિયત સમય પ્રમાણે જ ડરબન પહોંચી ગયાં. ત્યારે ઘડિયાળમાં સાંજના સાડા ચાર વાગ્યા હતા. ઍરપોર્ટ ઉપર શ્રી શાંતિભાઈ અને શ્રી રતિભાઈ તથા તેમનાં પત્ની લેવા આવ્યાં હતાં.

રિઝર્વહીલના નવા ઉતારામાં આવી ગયાં. વિશાળ બંગલામાં અતિથિનો અલગ ઓરડો પણ હતો, જ્યાં અમારો ઉતારો હતો. ત્યાંથી બહાર બાગમાં સ્વતંત્ર રીતે જઈ શકાય. વળી, બંગલામાં જે દેવસ્થાન છે તે પણ અમારા ઓરડાની પાસે જ છે. અતિથિ માટેના આ ઓરડામાં જ સંડાસ-બાથરૂમની સ્વતંત્ર સગવડ છે.

આજે સવારે ભોજન બનાવ્યું ન હતું. તેથી અહીં આવીને પ્રથમ કાર્ય ભોજનની એક વાનગી બનાવવાનું કર્યું. જલદી થઈ જાય ને સંતોષ થાય એવી વાનગીમાં તો શીરો અથવા મકાઈનો ચેવડો બનાવી શકાય. તેથી મકાઈનો ચેવડો બનાવી લીધો, ને ભોજનમાં લઈ પણ લીધો.

સાંજે સાત વાગ્યે ધિ ડિવાઈન લાઈફ સૅન્ટરમાં 'ગીતાનો સંદેશ' વિષય ઉપર પૂ.શ્રીનું અંગ્રેજીમાં પ્રવચન હતું. વિષય સંસ્થાએ જ આપ્યો હતો.

અમે ત્યાં પહોંચ્યાં ત્યારે સંકીર્તન ચાલુ હતું. ધિ ડિવાઈન લાઈફ સૅન્ટરના સ્વામી શ્રી સહજાનંદજી શ્રોતાઓની સાથે જ દર વખતની જેમ બેઠા હતા. પૂ.શ્રીએ આગ્રહ કરીને તેમને મંચ ઉપર બેસાડ્યા. પછી અમે પણ મંચ ઉપરની બેઠક ઉપર બેઠાં.

પૂ.શ્રીના પ્રવચન પહેલાં, આજના કાર્યક્રમના ભાગરૂપે એક સદ્‌ગ્રંથમાંથી બે પ્રસંગો કાર્યકર્તાએ વાંચી સંભળાવ્યા. પછી ભજન ગવડાવવાની મને વિનંતિ થઈ, જેથી મેં ભજન ગાયું. પૂ.શ્રીએ પ્રવચન આપ્યું. પ્રવચન બાદ



ફરીથી કીર્તન થયું. એ પછી હનુમાનચાલીસાનો સમૂહમાં સંગીતમય પાઠ થયો.

આભારદર્શન બાદ હૉલમાં બેઠેલો વિશાળ શ્રોતાવર્ગ બે હરોળમાં ગોઠવાઈ ગયો. શ્રોતાઓ વારાફરતી પ્રસાદ અને આરતી લઈને બહાર નીકળતા હતા. કેટલાક વળી પૂ.શ્રીને સાષ્ટાંગ પ્રણામ કર્યા પછી હરોળમાં ઊભા રહીને પ્રસાદ લઈને વિદાય થયાં.

પ્રવચન બાદ અમે જ્યારે બહાર નીકળ્યાં ત્યારે સ્વામી શ્રી સહજાનંદજીએ પૂ.શ્રીને પ્રસાદમાં ફળોની થેલી આપીને, જમીન ઉપર પોતાનું મસ્તક મૂકીને પૂ.શ્રીને પ્રણામ કર્યા. કદાચ આજનું પ્રવચન સ્વામી શ્રી સહજાનંદજીને વિશેષ સ્પર્શી ગયું હશે અને એથી પૂજ્યભાવે પ્રણામ કરવા તેઓ તત્પર થયા હશે.

ત્યાંથી અમે વિદાય લીધી.

પંદર-વીસ મિનિટ ઉતારાના બેઠક ખંડમાં થોડી વાતો થઈ.

પછી દરરોજની જેમ દૂધ પીને આરામ કર્યો.

**હરિઃ ૐ**

**—શ્રી 'મા' સર્વેશ્વરી**

'હરિકિરપા તબ જાનિયે દે માનવ અવતાર
ગુરુકિરપા તબ જાનિયે છુડાવે સંસાર.'

## ॥ શ્રી હરિની પ્રસાદી : પૂજ્ય શ્રી 'મા'નાં ૭૭ વર્ષ ॥

જન્મભૂમિ કર્પૂરવનને જ નહિ, કર્મભૂમિ સૂરતને જ નહિ, સાધનાભૂમિ સત્યપથ-સ્વર્ગારોહણને જ નહિ; સમગ્ર અધ્યાત્મ વિશ્વને અજવાળતી પરમ પ્રેમમયી 'મા' સર્વેશ્વરીની ૭૭ વર્ષની આયુષ્યયાત્રા એટલે પૂજ્ય શ્રી 'મા' જ કહે છે તેમ; 'શ્રી હરિની કૃપા જેમાં ધબકી રહી છે, એવાં 'મા'નો જીવનધબકાર !'

પૂ.શ્રી 'મા'ની શૈશવકથા 'પોયણું પાંગર્યું'નું પહેલું પ્રકરણ વાંચનારને જણાશે કે, પૂ.શ્રી 'મા'નું જીવન એટલે 'એક કરુણ તથ્યમાંથી પ્રગટેલ પરમ સત્ય.'

ઈ.સ. ૧૯૪૩ના નવેમ્બરની ૧૩મી તારીખે શનિવારે શ્રી કાલિદાસભાઈ-શ્રી ભીખીબાના ઘરઆંગણે એક કન્યારત્નનો જન્મ. પિતાજીએ નામ આપ્યું 'સરોજ'. જે કળી કાદવથી અળગી રહીને જ ખીલવા આવી છે તેનું નામ એ જ હોય ને !

સરોજના જન્મના ૧૩ મા દિવસે તેને ડબલ ન્યુમોનિયા થતાં, શરીર ખેંચાઈ ગયું, કાળું પડી ગયું, આંખો મીંચાઈ ગઈ, અંતિમ શ્વાસ લેવાઈ ગયા.

દાદીમા જમુનામા ડાંગર-જુવારની ટોપલી લાવ્યાં, એમાં બાળકીને પધરાવી કહ્યું; 'લે આ તારી વાટખર્ચી.' ને મોઢા પર કટકો નખાઈ ગયો, દિકરી વિદાય થઈ.

એકાદ કલાક પછી પીપલવાડા ગયેલા પિતાજી આવ્યા. વિના વિલંબે ઘોડા પર વ્યારા જઈ ડૉ. ગમનલાલને બોલાવી લાવ્યા. ડૉક્ટરે આવી, કપડું હટાવી, સારવાર આપી. સૌના આશ્ચર્ય વચ્ચે બાળકીએ આંખો ખોલી !

આ પ્રારંભિક જીવનના કરુણ તથ્યમાંથી પ્રગટેલ 'પરમ સત્યની સંભાવના' વિશે વિચારતાં પૂ.શ્રી 'મા' લખે છે : 'શું એ



સરોજનું આયુષ્ય ફક્ત ૧૩ દિવસનું જ હશે ? કોણ મરણના મુખમાંથી પાછું લાવ્યું ? માતાની કૂખે જન્મેલી એ બાળકીના પાર્થિવ શરીરમાં કઈ પરમ શક્તિએ પ્રવેશ કરીને પોતાનું સામ્રાજ્ય સ્થાપ્યું હશે ? કોઈક સમર્થ સદ્‌ગુરુ એને પરમ શક્તિની ક્રીડાસ્થલી બનાવવા ઇચ્છતા હશે ?' —સાચો પ્રત્યુત્તર પરમાત્મા પાસે છે.

એનો પરમ ઉપકાર કે 'નવા જીવનનો પુણ્યદાયક પાવન પ્રસાદ' પ્રાપ્ત થયો. શ્રી હરિએ જન્મથી જ જાણે સતત કહેવાનું શરૂ કર્યું; 'હે જીવ, હું તારી સાથે જ છું.' એ જીવને પ્રગટ કરનાર માતાપિતા તેમજ કર્પૂરવનના એ કુળને જાણે 'હરિનું એક અલૌકિક છત્ર' પ્રાપ્ત થયું. પરિવારના નાનકડા સંતાન તરીકે અદકું વહાલ પામવાનો અધિકાર પ્રાપ્ત થયો.

એ પ્રસાદીસ્વરૂપ જીવન ૧૩ દિવસ, ૧૩ મહિના, ૧૩ વર્ષ વટાવી ગયું.'

આજે પૂ.શ્રી 'મા' જ્યારે ૭૭ વર્ષ વટાવી ચૂક્યાં છે ત્યારે તેઓશ્રીની 'અનુભૂતિ' 'શ્રી હરિની કૃપા'ની છે; જે આપણા સર્વની, પૂજ્યશ્રી 'મા'ના સંપર્કમાં આવનાર સર્વ કોઈની 'પ્રતીતિ' બની ચૂકી છે.

ચોક્કસ 'મા'ના પંચમહાભૂત દેહમાં પરમ શક્તિએ પ્રવેશ કરીને પોતાનું સામ્રાજ્ય સ્થાપ્યું છે. સમર્થ સદ્‌ગુરુ શ્રી યોગેશ્વરજી પૂ.શ્રી 'મા'ને 'પરમશક્તિની ક્રીડાસ્થલી' બનાવીને જ રહ્યા ! પૂ.શ્રી 'મા'ના સંપૂર્ણ સમર્પિત હૃદય, નિઃશેષ આહુતિએ જ એક શિલ્પીના યજ્ઞકર્મને સફળ બનાવ્યું.

—સંકલન

('પોયણુ પાંગર્યું'ને આધારે)

# ।। દીકરી ગઈ તો શું રડવાનું ? ।।

જન્મના તેરમા દિવસે દીકરી વિદાય થઈ. સૌ શોકમગ્ન થયાં તો બાજુવાળાં દૂધીમાએ આશ્વાસન આપતાં કહ્યું, 'દીકરી ગઈ તો શું રડવાનું ?' પૂ.શ્રી 'મા'ના જીવન-મરણની કટોકટીના સંદર્ભમાં નીકળેલ આ ઉદ્‌ગારનું સમયાંતરે જાણે સંપૂર્ણ શીર્ષાસન થઈ ગયું હોય એમ; આજે આખું અધ્યાત્મવિશ્વ પોકારીને કહે છે : 'આવી દીકરી (પરમ ચેતના) હોય પછી કોઈએ કશાનેય માટે રડવું જ શા માટે પડે ? સાક્ષાત્ કલ્પવૃક્ષ સામે હોય પછી કોઈએ, કોઈ પણ કારણે ઝૂરવાનું શું ? શોક, સંતાપ, રુદન કશુંક ગુમાવ્યાની વેદના બધું સામટું વિલુપ્ત !'

પરવા ન રહે દુઃખની, લાલસા ન રહે સુખની, એવા 'પરમ આનંદમાં લીન કરી દેનારી, શ્રી કાલિદાસભાઈ-ભીખીબાની દીકરી, વિશ્વની પરમ કરુણામયી-આનંદમયી 'મા' માનવજાતના મસ્તકે સદૈવ વરદ હસ્ત ધરતી અહર્નિશ ખડી છે. તેઓશ્રીનું હોવું 'શાશ્વતી'નું હોવું છે.'

પરિણામે **દીકરી ગઈ તો નહિ, રહી. અને એવી રહી કે સર્વનું રખોપું કરનારી 'રક્ષાકવચ' બની રહી !**

જે સમાજમાં દીકરીના હોવાનું કશું જ વજૂદ નહોતું. એનું હોવું-ન હોવું, જીવવું-મરવું કોઈ જ અર્થ ધરાવતું ન હતું. એટલે એની હયાતિ ન રહે તો એ રડવા માટેની કોઈ દુર્ઘટના ન હતી. કદાચ 'ભલું થયું ભાંગી જંજાળ'ની રાહત હતી. આનો ધ્વનિ એ છે કે, દીકરી રહે એ જ ચિંતાનો વિષય છે. એને મોંઘો કરિયાવર, દહેજ આપી પરણાવવી પડે. અન્ય રીત-રિવાજોનો જિંદગીભરનો ભાર વેંઢારવાને ને બદલામાં અસંતોષ, અપમાન, મહેણાં-ટોણાં ! તેથી દીકરીને પ્રારબ્ધપ્રાપ્ત શ્વાસોની સંખ્યા જેટલી ઓછી, તેટલી શાંતિ ! એટલે અલ્પ આયુષ્યને કારણે અચાનક સંસાર છોડી દે તો એ વાત



રડવાની-વિલાપ કરવાની નહિ, હાશ અનુભવવાની છે ! ચિંતા-ઉપાધિ-જવાબદારીઓના ભારમાંથી બચી ગયાની જાણે મુક્તિ !

પણ આ દીકરી તો હતી શ્રી કાલિદાસભાઈની ! એટલે બહારગામથી પરત ફરતાં, દીકરીની મૃતપ્રાય સ્થિતિની જાણ થતાં જ ઘોડા પર ઉપડ્યા અને ડૉક્ટરને બોલાવી લાવ્યા. ડૉક્ટરે આવતાંવેંત સારવાર શરૂ કરી, દીકરીને બચાવી લીધી.

સમાજની સંકીર્ણ માનસિકતા સામે રીતરિવાજ-પરંપરા-માન્યતાઓવાળી જડ-સજ્જડ ગ્રામ્ય સંસ્કૃતિમાં પુત્રીવત્સલ પિતાશ્રી કાલિદાસભાઈનું હોવું, પુત્રીને મૃત્યુના મુખમાંથી પાછી લાવીને જંપવું, એક મહાન આશ્ચર્ય સમું ભાસે છે.

ગમેતેમ પણ પરમાત્માની પરમ મંગલકારી યોજનાના નિમિત્ત બનીને શ્રી કાલિદાસભાઈએ માત્ર સરોજને જ નહિ, એક ભવ્ય-ઉદાત્ત નારીગરિમાને એક દિવ્ય સ્વાધીનતા જીવવા સક્ષમ, નારીચેતનાને ઉગારી, સમગ્ર અધ્યાત્મવિશ્વને એક બેનમૂન નજરાણું બક્ષ્યું છે.

દીકરી માટે 'સરોજ' નામ પસંદ કરી, એ સંવેદનશીલ પિતાશ્રીએ કાદવમાંથી કમળના ખીલવાની સંભાવના જ ન ધરી. એ પૂર્ણ પ્રસ્ફુટિત કમળ બની શકે; એ માટેની પૂર્વભૂમિકા પણ રચી, અર્થાત્ એના સમ્યક્ ઉછેર માટે સંસ્કાર-શિક્ષણની જીવનમૂલ્યોની-આધ્યાત્મિકતાની એક સાનુકૂળ મુક્ત આબોહવા પણ ઊભી કરી.

આમ, એક દીકરીના સામાજિક કરુણ તથ્યમાંથી પરમ સત્ય 'મા' સર્વેશ્વરીરૂપે પ્રગટ્યું-આવિષ્કૃત થઈ શક્યું; એનું સમગ્ર શ્રેય પિતાશ્રી કાલિદાસભાઈને જાય છે. પણ યાદ રહે; આ માત્ર 'ઐતિહાસિક તથ્ય' નથી, 'દિવ્ય પ્રભુપ્રસાદ' છે.

સમગ્ર માનવજાત માટે સતત-અનવરત વહેતું આ કરુણાર્નિઝર છે; જે સ્વયં પરમાત્માના સીધા અનુગ્રહરૂપે છે.

**—સંકલન**

## ॥ શ્રી સરોજબેનનો પ્રથમ પરિચય ॥

સરોજબેનનો પ્રથમ પરિચય ક્યારે થયો તે જાણવા જેવું છે. અલબત્ત, પ્રથમ પરિચય એટલે વર્તમાન જીવનનો પ્રથમ પરિચય. કારણ કે જુદા જુદા આત્માઓ આ અવનીમાં કેટલા ગત જીવનથી પારસ્પરિક પરિચયમાં આવ્યા છે અથવા સંબંધ કરતા થાય છે તે તો એકદમ સત્યસંકલ્પ સિદ્ધ, પરમાત્માના પરમ કૃપાપાત્ર યોગી વિના બીજું કોણ કહી શકે ? એ માસ બનતાં સુધી ઈ.સ. ૧૯૭૪નો જાન્યુઆરી મહિનો હતો. સુરતની વાડિયા મહિલા કૉલેજમાં મારું પ્રવચન હતું. તે વખતે એ પ્રવચનમાં આવેલાં. મારાં જાહેર પ્રવચનમાં જો કે એ રોજ અને એ પહેલાંથી આવતાં. તો પણ મહિલા કૉલેજના પ્રવચન પછી મારું ધ્યાન એમના તરફ ખાસ ખેંચાયું. એ સ્કૂટર પર બેસીને જઈ રહેલાં ત્યારે એમને જોઈને મને લાગ્યું કે આ છોકરી સ્વતંત્ર પ્રકૃતિની, શાંત, સ્વસ્થ, સ્વાશ્રયી, અધ્યાત્મપ્રેમી, સુશિક્ષિત, સુસંસ્કારી, નમ્ર, સરળ છતાં સ્વામાની અને હિંમતવાળી છે.

મારા મન પર પ્રથમ પરિચયે પડેલી એ છાપ પાછળથી જેમ જેમ પરિચય વધતો ગયો ને પરિપક્વ બનતો ગયો તેમ તેમ સાચી પડી.

એ વખતે એ સાધના વિદ્યાલયમાં શિક્ષિકા તરીકે કામ કરતાં.

એ પ્રસંગ પછી બીજો અવિસ્મરણીય પ્રસંગ બન્યો. એમની ઈચ્છાને માન આપીને અમે રાંદેર રોડ પરના એમના ઘેર ગયાં. એમણે અમારું અત્યંત ભાવવિભોર બનીને પ્રેમપૂર્વક સ્વાગત



કર્યું. એમના ચિરકાળની ઈચ્છા પૂરી થઈ. એમણે અને બીજી બેનોએ ભજનો ગાયાં. એમનો કંઠ ખૂબ જ સુમધુર, સુરીલો, સુસંવાદી હતો. કુદરત તરફથી એમને મળેલી એ મહામૂલી જન્મજાત બક્ષિસ હતી.

પરંતુ ત્યાં જે બીજું દશ્ય જોયું એ દશ્ય અપૂર્વ, અદ્ભુત, અનોખું, અકલ્પનીય, અવર્ણનીય હતું. એમણે એમના ઘરના મુખ્ય ખંડમાં તૈયાર કરેલા સુંદર મંદિરરસમા પવિત્ર પૂજાખંડમાં મારો મોટો ફોટો રાખેલો. એને નિહાળીને મને કશી નવાઈ ના લાગી. કારણ કે કોને ક્યારે ક્યાં દેવત્વનું દર્શન થાય છે અને કોણ કોને ક્યારે ને ક્યા કારણે, ઉપાસ્ય અથવા આરાધ્ય સમજે છે તે કોણ કહી શકે ? સંસારમાં જે કાંઈ બને છે તે બધું કર્મના અબાધિત નિશ્ચિત નિયમને અનુસરીને બનતું હોય છે એ શ્રદ્ધાભક્તિસંપન્ન છોકરીની પવિત્ર પ્રવૃત્તિ પાછળ પણ પૂર્વસંસ્કારો કે કર્મોનો એવો જ કોઈક નિયમ કામ કરી રહેલો એ સુનિશ્ચિત હતો. એ નિયમ કેવા સ્વરૂપનો હતો તેની માહિતી ના હોય તો પણ શું થયું ? ગોળના પ્રકારની માહિતી ના હોય તો પણ એ જ્ઞાત અથવા અજ્ઞાત અવસ્થામાં પણ ગળ્યો તો લાગે જ છે.

એક હકીકત સવિશેષ ઉલ્લેખનીય હતી. મારા પરિચયમાં આવનારાં અને મારા પ્રત્યે ઓછીવત્તી શ્રદ્ધાભક્તિ રાખનારાં ભાઈબેનોએ મારો ફોટો તો રાખેલો, પરંતુ કોઈએ આવી રીતે કેવળ મારો જ ફોટો નહિ રાખેલો. પોતાના આરાધ્યદેવની સાથે મારો ફોટો રાખવામાં આવતો, પરંતુ આરાધ્યદેવ તરીકે મારો જ ફોટો રાખવામાં આવે એ પરિસ્થિતિ અસાધારણ અને

અપવાદરૂપ હતી. એ અપવાદરૂપ પરિસ્થિતિનું ત્યાં દર્શન થયું. આખોય વિષય પોતાની સ્વતંત્ર સમજણનો અને એમાંથી પ્રકટીને પ્રબળ બનેલી અચળ, અનોખી શ્રદ્ધાભક્તિનો હતો. એના વિશે વાદવિવાદ કરવાનો કશો અર્થ નહતો. એની આવશ્યકતા પણ ન હતી.

એ પ્રસંગ પરથી મને રામકૃષ્ણ પરમહંસદેવના ધર્મપત્ની સાધ્વીશ્રેષ્ઠ શારદાદેવીનું સ્મરણ થયું. કહે છે કે રામકૃષ્ણદેવના સમાધિસ્થ થયા પછી શારદાદેવી કેવળ એમના જ ફોટાનું પૂજન અથવા આરાધના કરતાં. એમને મન એ જ એક આરાધ્યદેવ કે પરમાત્મા હતા. કાકા કાલેલકરે એક ઠેકાણે લખ્યું છે કે એ પોતાના પ્રવાસ દરમિયાન કલકત્તામાં શારદામણિદેવીનાં દર્શને ગયેલા તો શારદાદેવી રામકૃષ્ણદેવના ફોટાની પૂજામાં એટલાં બધાં મશગૂલ બનીને બેઠેલાં કે એમને આજુબાજુના વાતાવરણનો ખ્યાલ જ નહોતો. એમના સ્વરૂપમાં શ્રદ્ધાભક્તિની દેવી સાક્ષાત્ બનીને પૃથ્વી પર પ્રકટી હોય એવું લાગતું હતું. એમને બીજા કોઈના તરફ જોવાનો કે કોઈની સાથે વાત કરવાનો પણ વખત નહતો. એમની દુનિયામાં જાણે કે રામકૃષ્ણદેવ સિવાય બીજું કશું હતું જ નહિ.

એ આખોય પ્રસંગ મારા સ્મૃતિપટ પર તરવરવા લાગ્યો. સરોજબેનના સંસ્કારો કયા પ્રકારના હતા તેની ખબર એક ઈશ્વરને જ હતી. પરંતુ એ સંસ્કારો હતા ખૂબ જ ઉત્તમ, ઉદાત્ત, અસાધારણ. એના સિવાય એવી પરમપવિત્ર ઉચ્ચપ્રકારની પ્રવૃત્તિ સંભવી શકે નહિ.

**–શ્રી યોગેશ્વરજી**



## ॥ પરમ પ્રેમમયી 'મા'નું પ્રેમભર્યું આહ્‌વાન ॥

"પૂ.શ્રી'મા'ના સામાન્ય દેહરૂપે અસામાન્ય દૈવી કાર્ય કરનાર છે કોણ ? એના સ્મરણે એને પકડવા પ્રયાસ કરી લઈએ. અંગપ્રત્યંગમાં વસતા ચિન્મય તત્ત્વને અનુભવીએ. આપણે સૌ સાથે મળી શ્રી અને શક્તિના એ પ્રકાશિત પુંજની પ્રદક્ષિણા કરી લઈએ. પ્રણામ, પાઠ, પ્રાર્થના અને જપતપથી એને પ્રસન્ન કરી લઈએ.

શા માટે ગિરિકંદરામાં દોડવાની ઇચ્છા કરે છે ? એકાંત સેવન કે કઠોર સાધનાથી પ્રાપ્ત થતું નવનીત પામવા દૂર દેશાવર જવાની ક્યાં જરૂર છે ?

પાસે જ છે, નજીક જ છે. જરા કાન દઈને સાંભળ. ગુરુકૃપાનું મંગલગાન છેક સામેથી જ સંભળાયા કરે છે.

જરા આંખ ઉઘાડીને જો તારી સામે જ ! એક વેંતનું અંતર નથી. ધ્યાનથી જોઈ લે. એના જીવનની ક્ષણેક્ષણ જોઈ લે.

એને કોણ કેવી રીતે જીવાડી રહ્યું છે ? એને અખંડ આનંદના મહાસાગરમાં કોણ સ્નાન કરાવી રહ્યું છે ? એ રાતદિવસ મંત્રના તાંતણે કોને બાંધી લેવા મથી રહ્યું છે ?

જોઈ લે. પ્રભુએ સાવ સમીપે વસવાની સોનેરી તક આપી છે. જરા આંખને ચોળીને, તારી અર્ધનિદ્રાને હળવેથી હઠાવીને સ્પષ્ટ દીવા જેવું દર્શન કરી લે.

જે જે વિશેષતા તને એ જીવનમાં દેખાય છે તે તારામાં કેટલી છે ? પૂછી લે પોતાને. એ વિશેષતા તું પોતે જીવનમાં

કેટલી ઉતારી શકે છે ? જરા પ્રયત્ન કરીને, ખાત્રી કરીને, સ્વીકારી લે.

અનંત જન્મોના સુકૃતે તને સમીપે વસવાની શક્તિ ધરી છે તો ઉઘાડી આંખના સત્યને સ્મરી લે, એ દર્શનની સંપતથી સંપત્તિવાળો બની જા.

તને જ આ તક મળી છે તો શંકા, કુશંકા, વહેમ, વાદવિવાદ ચર્ચામાં સમય ના વેડફ. અમૂલ્ય ક્ષણોને શ્રદ્ધાથી સજાવી લે. વારંવાર આ અવસર ના મળે. જાગીને જાણી લે, પામી લે, માણી લે.''

**–શ્રી 'મા' સર્વેશ્વરી**

## ॥ કલ્પવૃક્ષ છે કેવું મજાનું ॥

**કલ્પવૃક્ષ છે કેવું મજાનું, શ્યામ સખાએ એને બનાવ્યું**
**છાયામાં એની કોક પ્રવેશતું, મનગમતું દઈ દેતું,**
**સ્મરે તેની સામે ઊભું, સૌની વાટ એ જોતું.**
**કલ્પવૃક્ષના અંકે રમતું, સર્વેશ્વરીનું જીવન કેવું**
**દેવોને પણ દુર્લભ એવું, માગીને માણવા જેવું.**

**–શ્રી 'મા' સર્વેશ્વરી**



## ॥ સરસ્વતી અને સંગીતનો સુભગ સુયોગ ॥

**''સાધો, ઐસા હી ગુરુ ભાવે**
**રાગ રંગ કા ભર ભર પ્યાલા**
**પીવે ઔર પીલાવે, સાધો...''**

ખરેખર આપણાં ''પૂજ્ય 'મા''' એવા જ રસેશ્વર સદ્‌ગુરુ છે, જેમણે જીવનના પ્રત્યેક રાગ, રંગ, રસ, આપણા જીવનમાં બક્ષ્યા છે. અને એ દરેકનો લાભ લેવાની શીખ ધરતાં જ રહે છે.

''પૂજ્ય 'મા''' દરેક કળાના કદરદાન છે પણ હિંદુસ્તાની શાસ્ત્રીય સંગીત માટે એમના હૃદયમાં એક વિશેષ સ્થાન છે. આપણા ઘણાંના જીવનમાં શાસ્ત્રીય સંગીત કદાચ ''પૂજ્ય 'મા''' સાથે પ્રણામ કરતાં જ પહેલીવાર પ્રવેશ્યું હશે.

હિંદુસ્તાની શાસ્ત્રીય સંગીતે આ વર્ષમાં એક ઘણી મોટી વિભૂતિ ખોઈ છે. ને તે છે સંગીતમાર્તંડ પદ્મવિભૂષણ શ્રી પંડિત જસરાજજી. તેઓશ્રીનો ''પૂજ્ય 'મા''' સાથે એક ખૂબ મીઠો અનેરો નાતો રહ્યો છે, તેઓ પોતાને ''પૂજ્ય મા''ના ''લાડીલા'' અથવા તો ''લાડલા'' કહેતા અને ''પૂજ્ય 'મા''' સાથે એમનો વ્યવહાર પણ બાળસહજ રહેતો.

''પૂજ્ય 'મા''' અને પંડિતજી, આ બંને વિભૂતિઓ પોતપોતાની દુનિયાના, એટલે કે એક અધ્યાત્મ અને સાહિત્ય જગતના ઉચ્ચતમ શિખરે બિરાજેલ સ્વયમ્ સરસ્વતીસ્વરૂપ તો બીજા શાસ્ત્રીય સંગીતજગતના મુકુટ સમાન, મા સરસ્વતીના ઉપાસક. અમને તેમના એકમેક સાથેના રૂબરૂ વ્યવહારના સાક્ષી બનવાનો પરમ લાભ મળ્યો છે.

ઑગસ્ટ ૨૦૧૧માં, "પૂજ્ય મા" પેન્સિલવેનિયાના પાકોનો વનવિસ્તારમાં બેનો સાથે શિબિરમાં હતાં. ત્યાં જ શ્રી પંડિત જસરાજજીનો કૉન્સર્ટ (પ્રોગ્રામ), નજીકમાં આવેલ શ્રી અર્શ વિદ્યા ગુરુકુલમ્‌માં યોજાયો છે તે ખબર પડી. "પૂજ્ય 'મા'" કૉન્સર્ટમાં ફૂલોનો ગુચ્છ શ્રી પંડિત જસરાજજી માટે લઈને પધારે છે. ભાઈ દેવાંગ દ્વારા શ્રી જસરાજજીને પણ જાણ હતી કે "પૂજ્ય 'મા'" પધારવાનાં છે. પ્રોગ્રામની સમાપ્તિ બાદ 'પૂજ્ય 'મા"એ થોડી રાહ જોઈ પણ, પંડિત જસરાજજી ગુરુકુલમ્‌નાં પ્રેક્ષકો વચ્ચે વ્યસ્ત જણાયા, એટલે શ્રી દેવાંગભાઈને 'પૂજ્ય મા' એ ફૂલગુચ્છ પંડિતજીને પહોંચાડવા કહ્યું, ને 'પૂજ્ય 'મા"એ ત્યાંથી વિદાય લીધી.

લગભગ ૧/૨ કલાક પછી, "પૂજ્ય મા"ને ફોન આવે છે, "પૂજ્ય 'મા'" પોતાના નિવાસસ્થાને પહોંચવા જ આવેલાં, પંડિત જસરાજે ફોન કરાવેલો કે, "'મા' મને મળ્યા વગર કેમ ગયાં ? તમે પાછાં આવો. સ્વહસ્તે જ મને ફૂલ આપો, તો જ એ પ્રસાદ ગણાય, દેવાંગના હાથે હું શું કામ પુષ્પો લઉં ?" આવા શબ્દોમાં શ્રી જસરાજજીએ પ્રેમાગ્રહ કર્યો. પૂજ્ય શ્રી 'મા'એ એક વચન આપેલું છે : કે અમે

**"પોકારો તો પડખે, ને સાદ કરો તો સામે"**

અને એ વચન પાળવા "પૂજ્ય 'મા'" તત્પર બન્યા, અને શ્રી વિનોદભાઈ પાસે ગાડી વળાવી લીધી. છેક ઘર સુધી પહોંચવા જ આવેલાં "પૂજ્ય 'મા'" પાછા ફર્યાં. એ સમયે રાત્રીના લગભગ ૧૨ વાગ્યા હતા.

"પૂજ્ય 'મા'" કેમ પાછાં ફરે છે ? એક બાળકનો પ્રેમ,



એક ભક્તની અરજી, સરસ્વતીના ઉપાસકની સ્તુતિ આવા ભાવભરેલા આમંત્રણે "પૂજ્ય 'મા'"નું સંવેદનશીલ હૃદય પીગળી ગયું. "પૂજ્ય 'મા'" શ્રી પંડિતજીના ઉતારે સામે ચાલીને એમને મળવા, વધાવવા પહોંચી ગયાં. જાણે સરસ્વતીના ઉપાસક ઉપર સ્વયં સરસ્વતી પ્રસન્ન બની તેમને દર્શન દેવા દોડી ગયાં.

એ મધુર મિલનના મંગલ દર્શનનો લહાવો અમારા જીવનમાં અવિસ્મરણીય બની રહ્યો. બંને વિભૂતિઓના પરસ્પર પ્રેમના સંગમમાં સ્નાન કરી જાણે અમે સૌ પુલકિત થઈ ગયા.

શ્રી જસરાજજી કહે : "'મા' તમે મારા માટે પાછા આવ્યા ? Thank you Maa."

"પૂજ્ય 'મા'" કહે છે : એ અમારી પવિત્ર ફરજ છે.

આ મુલાકાત દરમ્યાન, પોતે ઉંમરમાં વડીલ હોવાછતાં પંડિતજી ઝૂકી ઝૂકીને "પૂજ્ય 'મા'"નાં ચરણસ્પર્શ કરવાના પ્રયત્ન કરે છે. તો સામે "પૂજ્ય 'મા'" સ્વયં જસરાજજીને ઝૂકીને વંદન કરે છે. જસરાજજીની વિદ્યાને વંદન કરે છે, એમની વિશેષતાને, એમની સંગીતની સિદ્ધિને વંદન કરે છે. "પૂજ્ય 'મા'"ની ગુણગ્રાહિતા અને નમ્રતાનાં અહીં દર્શન છે.

"પૂજ્ય 'મા'"નો સ્વભાવ છે, જે સર્વશ્રેષ્ઠ તે જ પૂજ્ય પ્રભુને અર્પણ કરે. તો આ સંગીતસમ્રાટના કંઠે 'મા'એ પ્રભુને અર્ઘ્ય ધરવાનો નિર્ણય કર્યો. શ્રી જસરાજજીએ એ વાત સહર્ષ વધાવી. "પૂજ્ય મા"એ એમને આપણી **"પ્રણમામ્યહમ"** અને **"સ્તવનતરણી"** - ૨CDનું કામ, ૨૦૧૨માં આપ્યું. એટલે આપણા યોગેશ્વર પરિવાર માટે રેકોર્ડિંગ કરાવવા શ્રી

જસરાજજીને પદો, સ્તુતિઓ અપાયાં.

આ કાર્યના નિમિત્તે કે સૂત્રધાર બનવાનું મહાભાગ્ય શ્રી દેવાંગભાઈને સાંપડ્યું હતું. તેઓને એમ હતું કે પોતાના આધ્યાત્મિક ગુરુની સ્તુતિ ગાતા અને રૅકોર્ડ કરતા, તેમના સંગીતના ગુરુને તેઓ જોઈ શકશે, રૅકોર્ડિંગમાં મદદરૂપ થઈ શકશે. એ જીવનનો મહામૂલો અવસર થઈ રહેશે.

રૅકોર્ડિંગની તારીખ નક્કી થઈ, પણ તે જ અરસામાં શ્રી દેવાંગભાઈનું "પૂજ્ય 'મા'" સાથે સ્વિટ્ઝર્લેન્ડની યાત્રાનું આયોજન ક્યારનું થયેલ હતું. હવે શ્રી દેવાંગભાઈ વિમાસણમાં પડ્યા. "પૂજ્ય 'મા'" સાથે યાત્રામાં તો જવું જ છે, ને સંગીતગુરુની સેવામાં નહિ રહું તો કર્તવ્ય ચૂકીશ. આપણાં "પૂજ્ય 'મા'"નું કાર્ય હોય તો આપણે હાજર ના રહેવું જોઈએ ? જસરાજજીને "પૂજ્ય 'મા'"નાં કોઈ સૂચનો રૅકોર્ડિંગ વખતે કેવી રીતે, અને કોણ પહોંચાડશે ? આવા પ્રશ્નો એમને થયા, ને શ્રી દેવાંગભાઈએ "પૂજ્ય 'મા'" સમક્ષ એ રજૂ કર્યા. તો "પૂજ્ય 'મા'" એ નિશ્ચિન્તપણે કહ્યું : "પ્રભુનું કાર્ય, પ્રભુ કરાવશે." એટલા મોટા કલાકારને આપણાથી સૂચન ના અપાય. અહીં "પૂજ્ય મા"નાં પૂજ્ય પ્રભુ પરના વિશ્વાસ અને શ્રદ્ધાનાં તો દર્શન થાય જ છે. પણ તે ઉપરાંત, આપણો જ માનવસહજ અહંતાભર્યો સ્વભાવ હોય કે "હું કાર્ય કરાવું, મારે તપાસવું જ પડે, મારે ધ્યાન આપવું જ પડે," તેનાથી તદ્દન વિપરીત "પૂજ્ય 'મા'"નાં અહમશૂન્યતાનાં અહીં દર્શન થાય છે.

શ્રી દેવાંગભાઈએ જ્યારે શ્રી પંડિત જસરાજજીને એ વાત કરી, તો તેમણે પણ શ્રી દેવાંગભાઈને ગુરુઆજ્ઞાનો સુંદર પાઠ



આપ્યો. "પૂજ્ય 'મા'" એ વાત સાંભળી, તો "પૂજ્ય 'મા'" એ વાત વધાવતાં, તેને શ્રી હરિની શબ્દયાત્રામાં સ્થાન આપ્યું.

આ રહી "પૂજ્ય 'મા'"ની તે નોંધ :

ગઈકાલે એક મહત્ત્વની અત્યંત મહત્ત્વની ઐતિહાસિક ઘટના બની છે.

ભાઈ દેવાંગને માધ્યમ બનાવીને વિશ્વના ખ્યાતનામ સંગીતકાર પંડિત જસરાજનું રૅકોર્ડિંગ શરૂ થયું છે. એમાં ભાઈ દેવાંગનો ઘણો મોટો સહયોગ છે. એની હાજરી પણ ખૂબ જરૂરી છે.

છતાં ભાઈ દેવાંગની તા.૧૦ની યાત્રા પાકી થઈ ગઈ છે. તે જ દિવસોમાં આ રૅકોર્ડિંગનું કામ પ્રારંભ પામ્યું છે.

ભાઈ દેવાંગને ભારે અફસોસ છે કે હું પંડિત જસરાજના આ ઐતિહાસિક કાર્યમાં હાજર નથી રહી શકવાનો.

એ અંગે દેવાંગ આજે પંડિત જસરાજ જોડે ચર્ચા કરે છે.

દેવાંગ કહે છે : ગુરુજી મારે યાત્રામાં જવું પડે છે, ક્ષમા કરજો. જે રૅકોર્ડિંગ માટે દિવસો નક્કી થયા છે. તે જ દિવસોમાં મારી યાત્રા તો ક્યારની નક્કી હતી.

મને મૂંઝવણ છે હું શું કરું ?

દેવાંગની મૂંઝવણ સાંભળી પંડિત જસરાજ એક મિત્રની જેમ દેવાંગને સમજાવે છે.

શ્રી પંડિત જસરાજજી : તું પાગલ થઈ ગયો છે ? ગુરુ કહે છે તો તારે જવાનું જ હોય ને ?

હું તો સંગીતજગતનો ગુરુ છું. તને સંગીતની દુનિયા પાર

કરાવું પણ આ ગુરુ તો તારા જીવનની નૈયા પાર કરી દેશે.

કોણ તને ક્યાં યાદ કરે છે ? તેનાં સ્પંદન ક્યાં ક્યાં પહોંચશે તું જ વિચાર કર.

'પૂ.'મા''ને માનનારા દશ હજાર તો હશેને ?

દેવાંગ : હા, હશે.

શ્રી પંડિત જસરાજજી : તો તેમાંથી કેટલાને એમણે પસંદ કર્યા ?

દેવાંગ : અમે ૧૦ 'મા' સાથે યાત્રામાં છીએ.

પંડિત જસરાજજી : તો તું પોતે જ વિચાર કર, ૧૦ હજારમાંથી ૧૦ ને જ પસંદ કર્યા તેમાં તારો નંબર પણ લાગ્યો છે. તો કેમ મને પૂછે છે ?

તારે જવાનું જ હોય ને, તું જ વિચાર કર તારી જરૂર ક્યાં છે ? આવી બાબતો ખૂબ ગૂઢ હોય છે. એટલે જ કહું છું, જ્યારે ગુરુ કહે ત્યારે ગુરુઈચ્છા 'મા'ની તરત જ તે પ્રમાણે કરવું. બહુ વિચારવું નહિ.

જો મને પેલા રમણરેતના બાબાજી આ જન્માષ્ટમી ઉપર ત્યાં ગાવા માટે બોલાવે છે તો હું મારા અમેરિકાના બધા પ્રોગ્રામ કૅન્સલ કરીને ત્યાં ગાવા જવાનો છું.

ગુરુ જેને પણ કોઈ પણ વાત કરે અથવા કોઈ કામ કરવાનું કહે તો તે વાત માની લેવી.

શા માટે ગુરુ આવું કહે છે કે કરાવે છે તે વિશે સમજવાની કે વિચારવાની કોશિશ ના કરવી.

ગુરુના દરેક ઈશારા પાછળ એક સંકેત હોય છે. એ તારી



સામે જુએ કેવી રીતે જુએ કે વાતો કરે એ દરેકની પાછળ એક સંકેત હોય છે. ગૂઢ રહસ્ય હોય છે.

ગુરુની એક દૃષ્ટિ, ગુરુનો આપણા મસ્તકે મૂકાયેલો હાથ, કે ગુરુના હાથનો ધબ્બો, અરે ગુસ્સામાં આવીને ગુરુ લાત મારે તો તે લાત પણ આપણા કલ્યાણ માટે જ હોય છે.

ગુરુ ખૂબ ગણતરીથી દરેક સાથે વર્તન કરતા હોય છે. ઘણીવાર પરમાત્મા પોતે ગુરુ પાસે એવું કરાવતા હોય છે. ગુરુ પોતે પણ સમજી ના શકે કે હું શા માટે આવું કરું છું. એ બધા ઈશારા ઉપરના લોકમાંથી મળતા હોય છે.

જો તારી જ વાત કરું તો હું એવું નથી કહેતો કે આવું થવાનું છે. પણ એવું પણ થઈ શકે કે તારે માથે કોઈ ઘાત હોય અને તારા ગુરુ તને અહીંથી ક્યાંક દૂર લઈ જવા માગે, અને તને એની પડખે રાખે, એમની સાથે રાખીને તારી રક્ષા પણ કરી લે — એવું પણ બને.

ગુરુ એ રીતે ચેતવણી પણ આપે કે આ મારું બાળક છે, હું એને મારી પાસે રાખું છું, જોઉં છું, કોણ એનું બગાડી શકે છે ?

એટલે એક જ વાત યાદ રાખ કે ગુરુ જે કરવા કહે તે બહુ વિચાર્યા વગર પાલન જ કરો. એમની આજ્ઞાને શિરોમાન્ય કરો.

તું અહીંના રૅકોર્ડિંગની ચિંતા ના કરતો અમે તો ગાઈશું, કંઈ ગૂંચ પડશે તો હવે તો ટૅકનોલોજી ખૂબ આગળ છે. ફોન, ઈમેલ, ટેક્ષ મેસેજથી સંપર્કમાં રહીશું.

જા શાંતિથી ફરી આવ. સરસ ફોટા પણ પાડજે મને પણ બતાવજે.

તું આવશે ત્યાં સુધીમાં તો તને અચરજ થાય તેવો સંગીતનો થાળ તૈયાર થઈ ગયો હશે.

આ પ્રસંગ પરથી શ્રી પંડિત જસરાજજીની પણ ભક્ત તરીકેની એક ભૂમિકા ઓળખાય છે.

**"ગુરુઆજ્ઞામેં નિશદિન રહીએ, જો ગુરુ ચાહે, સોહિ સોહિ કરીયે"** એ માત્ર ગાતા કે ગવડાવતા નહિ, પણ જીવતાં શીખવાડે છે એવા એ સંગીતગુરુ હતા. "પૂજ્ય 'મા'" એ પણ જાણે એમના એ જીવનમૂલ્યને સન્માન ધરતાં, 'શ્રી હરિની શબ્દયાત્રા'માં એમની શીખને સ્થાન ધર્યું છે. જ્યારે જ્યારે તેઓ પોકારે, "પૂજ્ય 'મા'" તેમને હરહંમેશ પ્રત્યુત્તર પહોંચાડે જ. તેઓ ન્યૂજર્સી આવેલા હોય, ને જો એમની તબિયત ઊંચીનીચી થાય, તો તેઓ દેવાંગને કહે : "'મા' સે કહના, ગલા ઠીક નહિ હૈ. 'મા' સે કહના કૉન્સર્ટ હૈ." ને જેવો એ સંદેશો "પૂજ્ય 'મા'" ને મળે કે તરત "પૂજ્ય 'મા'" ભાઈ દેવાંગને ફળ, ડ્રાયફ્રૂટ, રક્ષમામ્‌નો ખેસ, શ્રી લક્ષ્મીનું કવર વગેરે લઈને તેમના નિવાસસ્થાને પાઠવે. આમ એ ભક્ત અને ભગવાનના પારસ્પરિક પ્રેમના સંદેશા પહોંચાડનારનું પાત્ર ભજવવાનું સદ્‌ભાગ્ય શ્રી દેવાંગભાઈને સાંપડ્યું.

ગુરુપૂર્ણિમાએ પંડિત જસરાજજી અચૂક "પૂજ્ય 'મા'"ને યાદ કરે. ૨૦૧૮માં "પૂજ્ય 'મા'" ગુરુપૂનમના પર્વે કૅનેડા હતા. તે સમયે તેમના પંડિત જસરાજ ગુરુકુલમાં ગુરુપૂજન માટે શ્રી દેવાંગભાઈ ગયેલા. બધા સંગીતના શિષ્યો મળીને સરસ્વતીપૂજન અને જસરાજજીનું પૂજન કરે. એ સાંજે પંડિતજી દેવાંગને કહ્યા કરે, "મેરી 'મા' સે બાત કરા દે." મારી વાત



'મા' સાથે કરાવી દે. "પૂજ્ય 'મા'" ક્યાં છે ? તું ફોન કર 'મા'ને.

શ્રી દેવાંગભાઈએ કહ્યું, કે એ રીતે પૂજ્ય 'મા'ને ખલેલ ના પહોંચાડાય તેઓશ્રી અત્યારે કૅનેડા છે. છતાં તેઓએ આગ્રહ ચાલુ જ રાખ્યો. એટલે શ્રી દેવાંગભાઈએ શ્રી જગુભાઈને કૅનેડા ફોન કર્યો, તે સમયે ત્યાં સત્સંગ ચાલુ હતો એટલે તેઓશ્રીએ ફોન ના ઉંચક્યો ને પછી ઉંચકીને કાપી નાખ્યો. પંડિત જસરાજજીને જણાવાયું કે ત્યાં સત્સંગ ચાલુ છે. તો રાત્રે ૧૧ વાગ્યે તેઓ દેવાંગને કહે, ફરી ફોન કર, સત્સંગ સમાપ્ત થયો હશે. એટલે ફરી ફોન કર્યો, તો શ્રી જગુભાઈ સાથે વાત થઈ, શ્રી દેવાંગભાઈએ તેમને વિગત જણાવતાં, શ્રી જગુભાઈ ફોન "પૂજ્ય 'મા'" પાસે લઈ ગયા, "પૂજ્ય 'મા'"એ ફોન પર પંડિતજી સાથે વાત આદરી, તો પંડિતજીએ તરત નવી જીદ પકડી. "'મા' ! મારે તો તમારાં દર્શન કરવાં છે, વિડિયો ચાલુ કરશો ?"

આપણામાંથી મોટા ભાગના કોઈની "પૂજ્ય 'મા'"નો ફોન આવ્યો હોય તો, એવું કહેવાની હિમ્મત ના થાય કે મારે તમારાં દર્શન કરવાં છે, વિડિયો ચાલુ કરશો ! કારણ આપણને આપણી પાત્રતા કે યોગ્યતા નથી એવો જ વિચાર આવે. પણ જસરાજજી પોતાને "'મા'ના લાડલા" કહેતા જ નહિ, એમને વિશ્વાસ હતો કે તેઓને "પૂજ્ય 'મા'" ખૂબ પ્રેમ કરે જ છે. એટલે તેઓ આવા નિર્દોષ ભાવે જીદ કરતા, ને આપણાં પરમકૃપાળુ "પૂજ્ય'મા'"ના પ્રેમનું તો કહેવું જ શું ? **"કૃપા જે માગે તેને મળે"**, કહી સદૈવ કૃપા ને ધોધમાર વરસાદ વરસાવનારાં,

"પૂજ્ય 'મા'" તો કૃપાના કલ્પવૃક્ષ સમાન છે. "પૂજ્ય 'મા'"એ કહ્યું અમે ફરી તમને ફોન કરીએ છીએ. તો ૫-૧૦ મિનિટમાં, "પૂજ્ય 'મા'" ફરી નીચેની બેઠકરૂમમાં જઈ, તેમના આસને બિરાજી, શ્રી હેમલભાઈ પાસે જસરાજજીને વિડિયો કૉલ કરાવે છે. ને યંત્રના માધ્યમથી આ ભક્ત અને ભગવાન એકમેકને મળે છે.

જુલાઈ ૨૦૨૦ની, એમના જીવનની અંતિમ ગુરુપૂર્ણિમાએ પણ શ્રી દેવાંગભાઈ સાથે પંડિતજીએ પ્રણામ પાઠવ્યા હતા. તેના પ્રત્યુત્તરમાં "પૂજ્ય 'મા'" એ એમને એક સુંદર પત્ર પાઠવ્યો. આ રહ્યો તે પત્ર :

ૐ

૯ જુલાઈ ૨૦૨૦

વિશ્વમંચની આદરણીય વિશેષતા,

શ્રી પંડિતજી,

ગુરુપૂર્ણિમાના પર્વે આપના પ્રણામ પ્રભુ સ્વીકારે એવી પ્રાર્થના છે.

આપના સંગીતમય મનઅંતરે યાદ કરીને "મા"ને પ્રણામ પહોંચાડો છો એ આપના સ્વસ્થ મનનું પ્રમાણપત્ર છે.

અમારી તો પ્રાર્થના છે કે આપનું આરોગ્ય શ્રેષ્ઠ રહે. આપની દૈવી મધુર કંઠની રક્ષા થતી રહે.

જીવનમાં સર્વ ક્ષેત્રની સર્વ પ્રતિષ્ઠા આપને પ્રાપ્ત થઈ છે. જાણે પરમેશ્વરે દીધેલો કંઠપ્રસાદ પરમેશ્વરને શ્રીચરણે અર્પણ કરી ધન્ય જીવન થયું.

આપની સર્વ વિશેષતાને સૌનાં વંદન.

ૐ



આ શ્રી જસરાજજીની હયાતીમાં "પૂજ્ય 'મા'"નો એમને આ અંતિમ સંદેશ હતો. જાણે એમની વિદાયના લગભગ મહિના પહેલાં લખાયેલા આ પત્રમાં "પૂજ્ય 'મા'"એ એમને "તમારું જીવન ધન્ય થઈ ગયું છે" એવો ઈશારો કરી દીધો. તેમની વિદાયની વેળાએ પણ "પૂજ્ય 'મા'" એ એક પદપ્રસાદનું પુષ્પ એમને ધર્યું છે.

શું પડિત જસરાજ યોગેશ્વર પરિવારના કહેવાય ? આપણા સત્સંગી કહેવાય ? આપણો પ્રથમ વિચાર હશે, કે ના, તેઓ કંઈ આપણા સત્સંગી થોડા કહેવાય ? પણ "પૂજ્ય 'મા'"ના તેમના પરનો પ્રેમ, પ્રભુના વાક્યનો પુરાવો છે : "સમગ્ર વિશ્વ 'મા'નો પરિવાર છે." "પૂજ્ય 'મા'"ના નિર્ભેદ વિશ્વપ્રેમના અહીં દર્શન છે. પવિત્ર પ્રેમનો પ્રતિસાદ "પૂજ્ય 'મા'" પૂરો પાડે જ છે, એનો અહીં પુરાવો છે. "પૂજ્ય 'મા'"નાં નમ્રતા, વિવેક, ભારતીય સંસ્કૃતિનું ગૌરવ, કળા માટેનું સન્માન, વિશેષતા ને વંદન આવાં અનેક પાંસાઓનું અહીં દર્શન થાય છે. પંડિત જસરાજજીએ જીવનભર સર્વ દેવી દેવતાઓનાં જ નામ સ્મરણ એમના કંઠે લલકાર્યા, તેનું "પૂજ્ય 'મા'" વળતર છે. તેમની સરસ્વતીની સાધનાની "પૂજ્ય 'મા'" સિદ્ધિ છે.

એ બંનેના પરસ્પરનો પ્રેમ સરસ્વતી અને સંગીતનો સુભગ સુયોગ છે.

**—ડૉ. અર્પિતા જોશી**

'હજુ સુધી મેં એવું મંદિર નથી જોયું જે સંતના શરીર કરતાં અધિક દિવ્ય હોય.'

## ॥ પૂજ્યશ્રી'મા'માં જીવ-શિવ સંવાદ ॥

'મા'ના અસ્તિત્વમાં જીવ અને શિવનો એવો સહજ સંવાદ જોવા મળે છે કે જાણે બંને એક સિંહાસને અધિષ્ઠિત છે ! એટલે સ્વાભાવિક રીતે જ 'મા'ના શરીર, મન અને વાણીને સ્તરે એક અનોખું, ક્રાન્તિકારી કહી શકાય એવું પરિવર્તન જોવા મળે છે.

શરીરને પ્રકૃતિનું ઉત્તમ વરદાન માની 'મા' એમની વૃત્તિઓને તંદુરસ્ત રાખવા, પ્રાકૃતતાથી સુસંસ્કૃત રાખવા હંમેશાં મથે છે. સાત્ત્વિક આહારનાં બીજ તો નાનપણથી જ હતાં. ઈ.સ. ૧૯૮૪થી 'મા'એ અન્નત્યાગ કર્યો નહિ, થઈ ગયો. એમને ખાવાની ઇચ્છા જ ન રહી. વર્ષો સુધી એક દિવસ ફળાહાર અને એક દિવસ નિર્જળા ઉપવાસનો સિલસિલો સળંગ ચાલ્યો પણ આરોગ્ય કદી કથળ્યું નહિ. 'મા'ના બધા રિપોર્ટ્સ નૉર્મલ જોઈ ડૉક્ટરો પણ આશ્ચર્ય અનુભવે છે.

નિદ્રાજય 'મા'ને સહજ છે. નિદ્રાના કલાકો અતિ અલ્પ હોવા છતાં થાક કે સુસ્તી એમનામાં કદી ન વરતાય. સદાય સ્ફૂર્તિવંત, તાજગીભર્યાં ને પ્રવૃત્તિતત્પર લાગે.

૧૯૯૦થી શરૂ થયેલા 'મા'ના પ્રણામો રોજના ૩૭૦ સુધી પહોંચી ગયેલાં. ૨૦૧૩થી 'મા'એ રોજના ૨૮૫ સાષ્ટાંગ પ્રણામ કરવા શરૂ કર્યા છે. યાત્રાએ જવાનું હોય તો 'મા' આગોતરા પ્રણામ કરી લે. પ્રભુનું દેવું કદી ન રાખે. કોઈ વિશેષ અવસર હોય તો 'મા'ના પ્રણામોની સંખ્યા વધી જાય. પ્રણામ 'મા'ને મન વ્યાયામ નથી, સાધના છે અને એ એમને એટલા પ્રિય છે કે, 'પોતાના એકના એક સંતાન માટે ડૉક્ટર જે કહે તે કર્યા વિના 'મા' રહી જ ન શકે. તેમ અમને પ્રણામ ખૂબ ગમે એટલે કર્યા વિના રહેવાય જ નહિ.' એમ તેઓશ્રી કહે છે.



યોગાસનો, પ્રાણાયામ, શરીરની અન્ય કસરતો ઉપરાંત જપ કરતાં કરતાં થતી પ્રદક્ષિણા, આ સર્વ અતિ નિયમિત કરી, સાધનાના કારણ તરીકે 'મા' શરીરનો ઉત્તમ ઉપયોગ કરી, આજે ૭૭ વર્ષ વટાવ્યા પછી પણ યુવાનોને શરમાવે એવી સ્ફૂર્તિ, કાર્યક્ષમતા સાધે છે. ક્વચિત્ કોઈ અંગ આંગળી ઊંચી કરે તો તેની સાથે મિત્રવત્ વ્યવહાર કરી, પોતાનું ધાર્યું કરાવી લે છે. આમ 'મા' શરીરમાં રહેવા છતાં શરીરથી પર રહી શકે છે. કોઈ પણ પ્રકારની બળજબરી કર્યા વિના 'મા' કહે છે તેમ, 'શરીર ડાહીમાના દીકરાની જેમ વર્તે છે.' સ્વર્ગારોહણના નિર્માણકાર્યમાં માટીનાં તગારાં માથે ઉપાડવાના, પથ્થરો, ઈંટો ઊંચકવાના, ફૂલછોડો-વૃક્ષોને પાણી પાવાના કાર્યમાં સેવકોને સહયોગ ધરતાં 'મા'નાં દર્શન થયાં છે.

'મા'એ સાબિત કરી આપ્યું છે કે 'જો શરીર પ્રકૃતિનાં બળો પ્રત્યે નહિ પણ જો પ્રભુની શક્તિ પ્રત્યે ખુલ્લું હોય તો ક્યારેય માંદું પડતું નથી.' કોમળ, સ્થિતિસ્થાપક શરીર 'મા'ના શ્વાસોચ્છ્વાસ, રુધિરાભિસરણ અને પાચનતંત્રના લયને સરસ જાળવે છે. 'મા' કહે છે તેમ, 'એક પણ ગોળી-ટીકડી વિના 'મા'ના શરીરનું તંત્ર પ્રભુ સંવાદી રીતે ચલાવે છે.' સાચે જ 'शरीरम् आद्यं खलु धर्मसाधनम्'એ શાસ્ત્રવચનને 'મા' આમ સહજ સન્માને છે.

'મા'એ બંધન-મોક્ષના કારણરૂપ મનને બહુ સરસ કેળવ્યું છે. માતાપિતા, શાળા, કૉલેજ, કારકિર્દી, સામાજિક, ધાર્મિક, સાંસ્કૃતિક વિચારધારાઓ તેમજ સદ્ગ્રંથો તથા સંત-સંનિધિથી એને વૈભવવંતું કર્યું છે. છતાં સમાજના નિશ્ચિત માળખામાં જડ એકમ બની ગોઠવાઈ જવાને બદલે એ પોતાની પસંદગીનું સ્વાતંત્ર્ય જીવે છે. 'મા'નું મન એટલું તો સ્વાધીન છે કે, ભૂતની સ્મૃતિનો ભાર નહિ, ભવિષ્યની ચિંતા નહિ અને વર્તમાનમાં પણ સનાતનતાની,

નિત્ય નૂતનતાની સૌરભ માણે છે. 'મા'ના સ્વસ્થ, સંતુલિત મનમાં કોઈ આગ્રહ, કોઈ ઇચ્છા, કોઈ વળગણ, રાગદ્વેષ, ગમા-અણગમા, પૂર્વગ્રહ કે નિષેધ નથી. પ્રભુપ્રેષિત પ્રત્યેક પરિસ્થિતિનો સહજ સ્વીકાર હોવાથી, સુખદુઃખનાં દ્વન્દ્વ એમને સતાવતાં નથી. એમનું મન સદૈવ શાંત અને પ્રસન્ન રહે છે.

આમ, 'મા' એટલે સ્વસ્થ શરીર, પ્રફુલ્લિત મન અને પ્રસન્ન આત્મા. ઉત્તમ ગુણયુક્ત જીવન જેમાં નિત નવું શીખવાની તત્પરતા નવા નવા પ્રયોગોને આવકારી, પરંપરાને આત્મસાત્ કરી; શાશ્વતી સાથેના સંબંધને ઓર જીવંત, ઓર દૃઢ બનાવવાનો જાણે કીમિયો.

'મા' શ્રી રમણની જેમ મૌનની શક્તિના શાંત પ્રવાહને જ ઉપદેશનું સીધું સચોટ સ્વરૂપ માને છે અને In speech there is 'otherness' in silence there is 'oneness' એ મહર્ષિવચનની સત્યતાને અનુભવે છે. તેથી જ તેમણે ૧૯૯૫થી મૌન ધારણ કર્યું છે. એ પહેલાં ક્વચિત્ મંચ પરથી વાર્તાલાપ અને તે પણ પૂજ્યશ્રી યોગેશ્વરજીના અનુરોધથી આપતાં; મોટે ભાગે તો સ્વરચિત તેમજ શ્રી યોગેશ્વરરચિત મધુર, ભાવવાહી ભજનોથી તે ભાવિક હૃદયોને ભીંજવી દેતાં. એમનાં ભજનોની ૫૦ કેસેટો તૈયાર થઈ છે.

'મા' 'મા' હોવાથી જાણે છે કે, બધાં બાળકો એમનું મૌન સમજવા સમર્થ નથી, તેથી લોકકલ્યાણના પવિત્ર હેતુથી જ તેઓ સ્લેટધારિણી બન્યાં છે. 'મા'ની સ્લેટના શબ્દો ચેતનાસ્ફુલિંગો બની સાધકોનાં જીવનપરિવર્તન સાધે છે. દરિદ્રનારાયણની વિધવિધ સેવાનાં સત્કાર્યોનું આયોજન સ્લેટથી જ શક્ય બને છે. પણ અહમ્‌રહિત 'મા' લખે છે : 'આ સ્લેટ પર એક પણ શબ્દ 'મા' નથી લખતાં. પ્રભુને જે લખાવવું હોય તે લખાવે છે.'



'મા'નું મૌન કેવળ વાણીનું મૌન નથી, મનની ગતિને સંપૂર્ણ શાન્ત કરી દેતું મૌન છે. એ વિશ્રાન્તિમાં બધી જ ઊર્જાઓ અંદર કેન્દ્રિત થાય છે. અંદરથી ઊઠતા આંતરિક નાદમાં 'મા' રમમાણ રહે છે એટલે 'અસ્તિત્વની સમગ્રતા'માં એ નિવાસ કરે છે. આ સ્થિતિમાં એમને 'આત્મચૈતન્યની અનુભૂતિ' થાય છે અને એ કાર્યાન્વિત થતાં પ્રેમ, કરુણારૂપે શાંતિ સહજ વહે છે. આવાં જાગ્રત 'મા'માં 'અભૂતપૂર્વ આત્મસંયમ' ઉદ્‌ભવે છે; જે વિવેક, શિષ્ટાચાર, ગૌરવ કદી ચૂકતો નથી. અનન્ય આભિજાત્ય અને ગરિમાથી એ સોહે છે. એટલે જ 'મા'માં રહેલું શ્રેષ્ઠ આંતરદ્રવ્ય જ બહાર પ્રગટે છે. એ કોઈ પણ કાર્ય કરે એ એમના 'આધ્યાત્મિક સ્પર્શ'થી સમૃદ્ધ હોય છે. આવાં મૌનમયી 'મા'ની ઉપસ્થિતિ જ સમગ્ર માનવજાત માટે કલ્યાણકારક નીવડે.

'મા'ના મૌનની જેમ ક્વચિત્ પ્રગટતી લિખિત વાણી પણ સદા સત્યમંડિત હોય છે.

'મા' એ દેહાતીત, મનાતીત, શબ્દાતીત ચેતનાનો અનુભવ કરી, દિવ્યતાનો જીવંત સંપર્ક પોતાના સદ્‌ગુરુ સાથે સાધ્યો અને એમ કરતાં કરતાં એમનો અહંકાર સંપૂર્ણ વિસર્જિત થઈ ગયો ને 'મા'એ ગોવિંદ સન્મુખ ખડા થઈ જતા અનુભવ્યા તેઓશ્રી ગાઈ ઊઠ્યાં :

'મને ગોવિંદરૂપે ગુરુજી મળ્યા.'

આમ, 'મા' એમના અભિજાત આચાર દ્વારા સિદ્ધ કરે છે કે, જીવ જ્યાં હોય ત્યાં સમગ્રતયા રહે તો આવરણોમાં હોવા છતાં 'નિરાવરણ ચેતનાનો-શિવતત્ત્વનો' અનુભવ કરી શકે છે.

**—સંપાદન**

**('મા' સર્વેશ્વરીનું આંતરઐશ્વર્ય)**

## ॥ એકમેકને પૂરક બનતી બે રચનાઓ ॥

### ॥ હે માતાપિતા ॥

હે માતપિતા ! જ્યાં છો ત્યાં આશિષ પામજો.
મારી નિત્ય પ્રભાતે છે પ્રાર્થના.
દેવને આંગણે રમતાં રહેજો જપતાં એનું નામ
માનવદેહના હે સુખદાતા ! પામજો પૂર્ણવિરામ રે.
દૈવીચરણે કોટિ પ્રણામ રે...

★

### ॥ આ જીવનમાં સર્વ સગપણ ॥

આ જીવનમાં સર્વ સગપણ ભેળાં થાય રે
શ્યામ, તારા ચરણની માંહ્ય રે...
માત બનીને ગોદ પ્રસારી હળવાશ ધરી આજ,
વરદ હસ્ત મસ્તક પર ધરી, રક્ષા કરી દિનરાત રે
મને મળી ગયા દૈવી માત રે..
છત્ર બની હિંમત ધરતા અધ્યાત્મપંથે આપ,
તપની તીખી વાટે ઊભા, જોતા અમારી વાટ તે રે
મને દૈવી પિતાનો સાથ રે...
પાનખરને પલટાવીને બન્યા તમે ઋતુરાજ
અમાસનાં અંધારાં ઉલેચી, પ્રગટાવ્યો પરમ પ્રકાશ રે...
મને પરમ સખાનો પ્રસાદ રે...
મધદરિયે ડૂબતી નાવના સુકાની બની ગયા આપ.
જન્મમરણ જંજાળ કાપી સ્વામી સમર્થ નાથ રે...



મારા જીવનમાં સર્વસ્વ આપ રે...
જન્માન્તરનું રાજનું દેવું યાદ કરાવે આજ.
કર ઉઘરાવે તેર કરોડનો, ખાલી કરાયે કામ રે.
હવે માલિક બને મહારાજ રે...
રાજમાં એના અખંડ સુખ ને શાંતિના ભંડાર.
ચરણે નમીને શરણ લેતા કરી દે બેડો પાર રે.
એ તો સર્વેશ્વરીના શ્યામ રે...

—શ્રી 'મા' સર્વેશ્વરી

### ॥ હે માતાપિતા ॥

પૂજ્ય શ્રી 'મા' રચિત આ નાનું ટચૂકડું ઊર્મિનિર્ઝર પણ કેવું અર્થસભર ! 'માતાપિતા' એક એવો સમાસ છે. જે તર્પણ જ નહિ, સતત સ્મરણ માગી લે છે. એ એક એવો સંવેદનનાતો છે જે શાશ્વત છે. કાળ કે દેશનો કોઈ પ્રભાવ એના પર પડતો નથી.

સામાન્ય સંસારી મનુષ્યો માતાપિતાને જ્યાં હોય ત્યાંથી સદ્ય પોતાની પાસે આવી જવા અનુરોધ કરે છે. જ્યારે પૂર્ણ વિરક્ત છતાં સદા અનુરક્ત એવાં 'મા' માતાપિતાને ઉદ્દેશીને કહે છે; જ્યાં હો ત્યાં આશિષ પામજો. મારી આ દૈનંદૈનીય-નિત્ય પ્રભાતની આ પ્રાર્થના છે. દેવનું નામ જપતાં એને જ આંગણે રમતાં રહેજો. તમારી હું સદૈવ ઋણી છું કેમકે તમે આ માનવદેહના સુખદાતા છો, આપ જ્યાં હો ત્યાં પૂર્ણ વિશ્રાન્ત હો. અરે ! તમે જ દેવસ્વરૂપ છો, તમારાં દૈવીચરણે કોટિ પ્રણામ કરું છું.

કેટલી સહજ રીતે દિગંત-દેવ થઈ ગયેલાં માતાપિતાને 'મા'

પ્રેમાંજલિ અર્પે છે. સંસારીની આસક્તિ અને સંન્યાસીની સહજ સ્વીકૃતિ વચ્ચેની ભેદરેખા પણ અહીં સૂક્ષ્મ રીતે સૂચિત થઈ, કાવ્યને ઑર રમણીય બનાવે છે.

### ॥ આ જીવનમાં સર્વ સગપણ ॥

શ્યામ, તારા ચરણમાં આ જીવનમાં સર્વ સગપણ ભેળાં-એકઠાં થાય છે. એમ કહી, માતા બનીને અંક પ્રસારી હળવાશ ધરી, વરદ હસ્ત મસ્તક પર ધારી દિનરાત રક્ષા કરી. આ 'દૈવી માત' નથી તો બીજું કોણ છે ? અધ્યાત્મપંથ જીવનમાં છત્ર બનીને હિંમત ધરતા, તપની તીખી વાટે, અમારી વાટ જોતા ઊભા...આ 'દૈવી પિતા'નો સાથ !

પાનખરને પલટાવી તમે ઋતુરાજ બન્યા, અમાસના અંધારાં ઉલેચી પરમ પ્રકાશ પ્રગટાવ્યો એ મારા 'પરમસખાનો પ્રસાદ' !

મધદરિયે ડૂબતી નાવના સુકાની બની આપે જન્મમરણ જંજાળ કાપી એ મારા 'સ્વામી, સમર્થ નાથ આપ !'

આમ, માતાપિતા, સખા ને સ્વામીના સગપણોનો સરવાળો ધરતા શ્યામ, વસ્તુતઃ 'મારા જીવનસર્વસ્વ' છે; એમ સીધું કહી 'મા' વિરમે છે. તેર કરોડનો કર ઉઘરાવી, મહારાજ માલિક બની ગયા છે.

'શ્યામ'નું જીવનમાં હોવું એ સંસારના સર્વ સગપણોનું સંચિત સ્વરૂપ છે, એટલું જ નહિ, અખંડ સુખ-શાંતિના ભંડાર છે. અર્થાત્ જીવનના 'પ્રત્યેક ખંડો'-અંશો સમન્વિત બનીને એક 'અ-ખંડ સ્વરૂપ પરમાત્મા' પ્રાપ્ત થતાં, માત્ર શરણે જવાથી બેડો પાર થઈ જાય છે. એ એક પ્રાપ્ત થયા પછી બીજું કશું જ મેળવવાનું રહેતું નથી. આ વાત સુંદર કાવ્યાત્મક રીતે પ્રગટે છે.

—સમીક્ષા



## ॥ એક નામધારી બે કાવ્યો ॥

### (સુરગંગાના શિલ્પી આવિયા રે લોલ)

(૧)

સુરગંગાના શિલ્પી આવિયા રે લોલ, જીવન ઘાટ ઘડનાર જો
હિમાલયે, ગુર્જર દેશમાં રે લોલ, પાકા પત્થરની કરે શોધ જો
પત્થરથી પ્રતિમા પ્રગટાવવી રે લોલ, શિલ્પીના હૈયે કોડ જો
અંતે કાલીમંદિર આવિયા રે લોલ, નાનકડી શિલા દેખાય જો
દૈવી શક્તિથી ચકાસતા રે લોલ, પાકા પત્થરની પિછાણ જો
પાસે જઈ શિલા નિહાળતા રે લોલ, વંચાણી રામ ચોપાઈ જો
માતાપિતાએ કંડારી છે રે લોલ, રામ નામે મઢી કાય જો
હરખાતા શિલ્પી વિચારતા રે લોલ, રામદરબારનો પ્રસાદ જો
તપના હથોડાને ખમશે રે લોલ, ખરશે ના કાંકરી એક જો
શિલા ઊંચકી લાગ શોધતા રે લોલ, વીત્યાં વરસો દસ એમ જો
જ્ઞાન વૈરાગ્યના ટાંકણે રે લોલ, પ્રતિમા પ્રગટાવવાના સ્વપ્ન જો
પત્થરના ભાગ્ય જાણે ઊઘડ્યાં રે લોલ, સાચા શિલ્પી મળ્યા આજ જો

(૨)

સુરગંગાના શિલ્પી આવિયા રે લોલ, દેવપ્રયાગના છે દેવ જો
વેશ ધર્યો એણે સંતનો રે લોલ, ઘાટ ઘડ્યા મન માંહ્ય જો
કર્પૂરવનમાં પધારતા રે લોલ, કાલીમંદિરને દ્વાર જો
સંત ઊભા મારે આંગણે રે લોલ, માતાપિતા કરે વિચારજો
હાથ જોડીને એ તો પૂછતાં રે લોલ, ભિક્ષામાં શેની છે આશ જો
મહારાજ મૌન કેમ ધારતા રે લોલ, ખાલી હાથે ના જવાય જો

**ચરણે નમીને ધ્યાન ધરતાં રે લોલ, સત્વર સમજાયું કોઈ દેવ જો**
**દેવ કહે સદા તૃપ્ત છું રે લોલ, જગકલ્યાણની આશ જો**
**નાનકી શિલા હૈયે વસી રે લોલ, ભિક્ષામાં આપો પ્રસાદ એ**
**સુણતાં હૈયાં હાથ ન રહ્યાં રે લોલ, માગ્યું શી રીતે દેવાય જો**
**ધર્મસંકટ ક્યાંથી આવું આવ્યું રે લોલ, આંસુડાંની ધારે ધાર જો**
**ગૃહસ્થીધર્મ અહીં સાંભરે રે લોલ, હાશ ધરવાનું એ ટાણું જો**
**હૈયું વલોવી ભિક્ષા ધરી રે લોલ, લાડલી શિલાનો પ્રસાદ જો**
**રામ દરબારે રામને ધર્યો રે લોલ, મનને મનાવે દિવસ રાત જો**
**વેદનાને હૈયે દફનાવતા રે લોલ, મૌન ધરી વધાવે વાત જો**
**આશિષ ધરી દેવ વિચર્યા રે લોલ, મનગમતો પામ્યા પ્રસાદ જો**
**જ્ઞાન વૈરાગ્યના ટાંકણે રે લોલ, તપથી ઘડ્યા એના ઘાટ જો**
**શિલાથી સત્વર પ્રગટાવિયા રે લોલ, દીધું સર્વેશ્વરી નામ જો**

**॥ 'સરોજ'માંથી 'મા' સર્વેશ્વરી બન્યાનો કાવ્યાત્મક અહેવાલ ॥**

સમગ્ર ગુર્જર દેશમાં પાકા પથ્થરની શોધમાં સુરગંગાના શિલ્પી નીકળ્યા. વસ્તુતઃ જે જીવનના કલાધર, ઘાટ ઘડનારા છે. એમને હૈયે પથ્થરથી પ્રતિમા પ્રગટાવવાના કોડ હતા. છેવટે કાલીમંદિર આવ્યા ત્યાં એક નાનકડી શિલા દેખાઈ, દૈવી શક્તિથી ચકાસતાં, એ પાકા પથ્થરની પિછાન થઈ. પાસે જઈ જોતાં માતાપિતાએ કંડારેલી 'રામ ચોપાઈ' વંચાઈ. રામનામે મઢેલી એ કાયા જોઈ. હર્ષાન્વિત શિલ્પીને એમાં 'રામદરબારનો પ્રસાદ' પ્રતીત થયો. તે સહજ જ તપના હથોડાને ખમશે, એક કાંકરી એની ખરશે નહિ, તેથી જ્ઞાન-વૈરાગ્યના ટાંકણે એમાંથી પ્રતિમા પ્રગટશે એ સ્વપ્ન જોવામાં દશ વર્ષ વીતી ગયા. એ અવસર કે તકની પ્રતીક્ષામાં હતા, ત્યાં જ પથ્થરનાં ભાગ્ય



ઊઘડ્યાં હોય એમ 'સાચા શિલ્પી આજે મળ્યા એવું લાગ્યું !' શિલ્પી અધિકારી શિલાને ઝંખે અને શિલા સ્વયં પણ શિલ્પીને મળવા આતુર રહે, એવો 'પરસ્પર પ્રીતિયોગ' !

★

૧૦ વર્ષ પછી એ જ સુરગંગાના શિલ્પી આવ્યા પણ હવે એ છે દેવપ્રયાગના દેવ. સંતસ્વરૂપે છે, જેમના મનમાં અનેક ઘાટોની કલ્પના છે. તેઓશ્રી કર્પૂરવનમાં, કાલીમંદિરને દ્વારે આવી ઊભા છે. માતાપિતાને સંત પોતાને આંગણે પધાર્યાનો આનંદ છે; હાથ જોડીને પૂછે છે : 'ભિક્ષામાં આપ શું વહોરશો ?' આપની શું ઇચ્છા છે ? તો મહારાજ મૌન સેવે છે, માતાપિતાને એમને ચરણે નમીને ધ્યાનથી અવલોકતાં જણાય છે; આ સાધારણ સંત નથી, આ તો કોઈ દેવ છે ! જે કહે છે, હું તો સદા તૃપ્ત છું. મારી અંગત કોઈ આશા નથી, ઇચ્છારહિત છું. પણ જનકલ્યાણની આશ-અર્થે આ નાનકી શિલા હૈયે વસી છે, એ પ્રસાદ ભિક્ષામાં આપો.

આ સુણતાં માતાપિતાનાં હૈયાં હાથ ન રહ્યાં. સંતની આ માગણી કેવી રીતે પૂરી થાય ? આ ધર્મસંકટ ક્યાંથી આવ્યું ? આમ વિચારતાં, અવિરત અશ્રુધાર ચાલી ત્યાં ગૃહસ્થધર્મ સાંભરતાં. આ હાશ ધરવાનું ટાણું છે એ સમજાયું. વલોવાતા હૈયે લાડલી શિલાના પ્રસાદની ભિક્ષા ધરી. —જાણે રામના દરબારે, રામને ધર્યો આ પ્રસાદ ! એમ દિનરાત મન મનાવે ને વેદનાને હૈયામાં જ દફનાવી, મૌન ધારી વાત વધાવી.

દેવ તો મનગમતો પ્રસાદ પામી, આશિષ ધરી. વિચર્યા-પાછા ફર્યા. અને એ શિલાના જ્ઞાન-વૈરાગ્યના ટાંકણે તપથી એવા સત્વરે ઘાટ ઘડ્યા કે એ શિલામાંથી એક આકૃતિ કંડારાઈ. જેને નામ દીધું 'સર્વેશ્વરી.'

આમ જોતજોતામાં, 'સરોજ' શિલામાંથી 'સર્વેશ્વરી પ્રગટ્યાં !' શ્રી યોગેશ્વરજી જેના સમર્થ શિલ્પી બન્યા. એ સુરગંગાના શિલ્પીએ અતિ અલ્પ સમયમાં, ભારે કૌશલ્યથી શિલામાંથી બેનમૂન શિલ્પ ઘડી નાખ્યું ! શિલાને ભારે જ્ઞાન-વૈરાગ્ય-તપના કષ્ટમાંથી પસાર થવાનું આવ્યું. પણ હસતે મુખે સ્વીકારી લીધું. (કારણ કે, શિલા જાણે છે કષ્ટ વિના કૃષ્ણ કોને મળ્યા ?)

ખરેખર, એકનામધારી ('સુરગંગાના શિલ્પી આવિયા રે લોલ') બે કાવ્યોમાં પોતાના જીવનમાં સદ્‌ગુરુ કઈ રીતે પધાર્યા, એમનું અભિયાન શું હતું ? માતાપિતાએ આર્દ્ર હૃદયે પણ પુત્રીની કઠોર નિયતિ કેવી રીતે સ્વીકારી લીધી. અને અંતે સદ્‌ગુરુશ્રીએ માતાપિતાની આસ્થા (રામદરબારે રામને ધર્યો પ્રસાદ) તેમજ બાળકી સરોજની સંભવિત આંતરસમૃદ્ધિ ખોળી કાઢી એના સમગ્ર અસ્તિત્વને કેવું વૈભવવંતુ, કેવું સાર્થક કરી દીધું કે, છેવટે 'સરોજ'નું સહજ રૂપાંતર 'સર્વેશ્વરી'માં થઈને જ રહ્યું.

શિલાને સામાન્ય રીતે આપણે અચેતન ગણી લેવાની ભૂલ કરીએ છીએ. પણ એ ય સચેતન-પ્રાણવાન, આંતરઐશ્વર્યમંત હોય છે-એને આવિર્ભૂત કરવા શિલ્પી જોઈએ, જ્ઞાન-વૈરાગ્યનાં ટાંકણાં-તપ વડે જ એની આકૃતિનું નિર્માણ થાય.

'શિલાનું સંપૂર્ણ સમર્પિત હૃદય, નિઃશેષ આહુતિ જ શિલ્પીના યજ્ઞકર્મને સફળ કરી શકે.' —આ 'પ્રીતિયોગં પરસ્પરમ્'ને પ્રસ્થાપિત કરતી, પરમ પૂજ્ય શ્રી યોગેશ્વરજી તેમજ પૂ.શ્રી'મા'ના 'સહજ સાયુજ્ય'ને સિદ્ધ કરતી પૂજ્યશ્રી'મા' રચિત બંને કાવ્યરચનાઓ બેનમૂન છે.

—સમીક્ષા



# ॥ સચેતન પ્રતિમા દ્વારા અપ્રતિમની પ્રાપ્તિ ॥

પૂજ્યશ્રી'મા' જેવા સાચા સંતની સંનિધિ કોઈપણ મૂર્તિની પૂજા કરતાં અધિક છે.

શ્રીકૃષ્ણે કહ્યું જ છે કે; 'પ્રતિમા મારું અચેતનરૂપ છે ને સંત મારી સચેતન પ્રતિમા છે. એટલે જે દૃઢભાવથી તેમની ભક્તિ કરે છે તે મને જ પામે છે.'

'મૂર્તિ ઉત્તમ કલ્પનાની કૃતિ છે. જ્યારે સંત પ્રત્યક્ષ પુરુષોત્તમ છે, હાલતાચાલતા પરબ્રહ્મ છે. એટલે 'એકનાથી ભાગવત'માં ભગવાને કહ્યું જ છે : 'સાચા સંતમાં મારી ભાવના કરી, તેમનું ભજન કરવાથી ને તેમણે દેખાડેલા માર્ગે જવાથી હું સામો આવી મળું છું, તેમના યોગક્ષેમનું વહન કરું છું.'

પૂજ્યશ્રી'મા'માં 'સાચા સંત'નાં સર્વ લક્ષણો મોજૂદ છે :

૧. કૃપાળુતા : સર્વત્ર સમાન ભાવ (જેનાથી પોતાને સુખદુઃખ થાય તેનાથી બીજાને પણ સુખદુઃખ થશે એવો ભાવ)
૨. અદ્રોહ : કોઈનો દ્વેષ નહિ. પ્રારબ્ધવશ જીવો માટે અનુકંપા.
૩. તિતિક્ષા : સહનશીલતા અને ક્ષમા
૪. સત્ય : સંતના આશ્રયથી સત્ય જીવે છે.
૫. પવિત્રતા : ત્રિવિધ તાપ જતાં, તદ્રૂપ હોવાથી પવિત્ર
૬. સમભાવ : સર્વમાં આત્મસ્વરૂપ નિહાળવું, નિર્દ્વન્દ્વ અવસ્થા
૭. પરોપકાર : ઉછેરનાર-છેદનાર બંનેને સરખાં ફળ
૮. અકામતા : ઈચ્છામાત્રનો અભાવ
૯. દાંતતા : ઈન્દ્રિયોનાં સ્વામિની

૧૦. મૃદુતા : કોમળ-શીતળ-સૌમ્ય વ્યવહાર
૧૧. શુદ્ધતા : વૃત્તિશૂન્ય સ્થિતિ-સદા આત્મસ્થિત
૧૨. અપરિગ્રહ : જાગ્રત-સ્વપ્ન-સુષુપ્તિમાં પરિગ્રહ સ્પર્શે નહિ
૧૩. અનીહા : અહમ્-મમત્વથી પર, નિશ્ચલ
૧૪. મિતભોજન : કોળિયે-કોળિયે બ્રહ્માર્પણ, (પૂ.શ્રી'મા'એ જઠરાગ્નિને કાયમની સંતૃપ્તિ ધરી દીધી છે.)
૧૫. શાંતિ : ઊર્મિઓ સાગરને ડહોળતી નથી
૧૬. સ્થિરતા : જન્મ જ નથી પછી મરણ ક્યાં ? સ્વધર્મમાં સ્થિર અનન્ય.
૧૭. મત્શરણ : વિષય અભિલાષા બિલકુલ નહિ, અનન્ય પ્રભુશરણ.
૧૮. મનન : શ્રુતિવાક્યોનું તાત્પર્ય મનમાં સ્થિત
૧૯. વૃત્તિશૂન્યતા : સમૃદ્ધિથી ઉલ્લાસ નહિ, નિર્ધનતાથી દીનતા નહિ.
૨૦. ગંભીરતા : મનની એક સરખી સ્થિતિ, જીવ-શિવની વિશ્રાન્તિ
૨૧. ધૃતિ : જીવભાવરહિત પરબ્રહ્મમય પ્રત્યેક વૃત્તિ
૨૨. ષડ્ગુણવિજય : ક્ષુધા, તૃષા, શોક, મોહ, તૃષ્ણાના વિકારો પર જીત
૨૩. નિર્માનીતા : માનની અપેક્ષા નહિ, અતિ નમ્ર
૨૪. સર્વ ભૂતને સન્માન : બ્રહ્માથી કોડી સુધી સર્વને નમસ્કાર
૨૫. બોધ કરવાનું સામર્થ્ય : શ્રદ્ધાના ભાવ પ્રમાણે મૌન અથવા મિત શબ્દો તેય સ્લેટમાં કે નોટમાં !
૨૬. મૈત્રી : સર્વ નિકટના સગા હોય એવો અભેદભાવ
૨૭. કારુણ્ય : હું દયા કરું છું એ ભાવ વિના દુઃખનિવારણ



તન-મન-ધનથી સંકટ નિવારણ કરે.
૨૮. કવિત્વ : હસ્તામલકવત્ શાસ્ત્રોનો અર્થ. બ્રહ્માનંદ (કવિત્વ) કવિપદનું ગૌરવ અર્પે, પરોક્ષ-અપરોક્ષ જ્ઞાનને સત્ય કરી દેખાડે તેથી કહ્યું છે : 'ઉપનિષદનો યથાર્થ અર્થ સંતના મુખની રાહ જુએ છે.'

બે અતિશય ગહન લક્ષણો :

૧. ભાગ્યશાળી સંતો સર્વ ઉપાય છોડી મારી ભક્તિરૂપ નાવમાં ચઢી નિરાંતે નદી પાર કરે છે. સર્વ કર્મનો ત્યાગ કરી અનન્યભાવે મારે શરણે આવવાથી સુગમતાથી ભવપાર કરે છે.

૨. દેહાત્મભાવ જ મુખ્ય અવિદ્યા છે એ ભાવ જતાં સર્વ ધર્માધર્મનો ત્યાગ થઈ જાય છે. સંતનું અવિદ્યારહિત ભજન મને પ્રિય છે.

ઉપરાંત અત્યારે પૂજ્યશ્રી'મા'ની જે અવસ્થા છે. તેઓશ્રી ચેતનાના જે સ્તરે સ્થિત છે; એ માટે શ્રીકૃષ્ણ સ્વયં પ્રમાણપત્ર ધરતાં જાણે કહે છે :

'કાયા, વાચા અને મનથી ભજતાં દિવસ-રાતની સુધ ન રહે તે ખરી ભક્તિ. જપ કર્યા સિવાય મારું જ નામસ્મરણ થાય. ધારણા વિના મારું ધ્યાન થાય. સંકલ્પ વિના સર્વ કર્મ મને અર્પણ થાય. અખંડ સ્વરૂપસ્થિતિ અનુભવાય. વિષયભોગ સિવાય સદા આનંદ અનુભવાય તે જ મારી શુદ્ધ ભક્તિ છે. આવી અવ્યભિચારી ભક્તિથી મારી ભેટ થાય છે. આ રીતે જે ભજન કરે છે, તેનામાં હું છું ને તે મારામાં છે. જે આવો ઉત્તમ ભક્ત છે તે જ સાધુ છે, સંત છે. મારી 'સચેતન પ્રતિમા' છે.'

આપણાં પૂજ્ય શ્રી 'મા' આવાં પ્રભુની 'સચેતન પ્રતિમા' સમાં છે, જેમના દ્વારા 'અપ્રતિમ પ્રભુ'ની પ્રાપ્તિ થઈ શકે, જો સાધક અખંડ વ્રતી, હરપળે જાગરૂક બને તો.

**—સંકલન**

# ॥ પૂજ્યશ્રી'મા' : પ્રભુપ્રેમદ્વાર ॥

**'ઢાઈ અક્ષર પ્રેમકા પઢે સો પંડિત હોય'**

—પરમ પૂજ્ય 'મા' સર્વેશ્વરીએ કબીરનો આ અતિ પ્રસિદ્ધ મંત્ર મસ્તકે ધરી, પંડિત બનવાની આકાંક્ષાથી નહિ, પણ એમજ, સહજ જ 'પ્રેમનો અઢી અક્ષર' પઢી, જગતને એ પઢાવવા પ્રેમપૂર્વક એકધારાં મથી રહ્યાં છે.

બીજી રીતે કહીએ તો કબીરના આ શબ્દો જીવી રહ્યાં છે. અરે ! આ શબ્દો જીવાડવા સ્વયં નિઃશબ્દ બન્યાં છે. આ શબ્દોનો એકમાત્ર મધુર રણકાર પ્રસારવા, એની મંજુલતા પૂર્ણરૂપે અનુભવવા પોતે મૌનમયી બની ગયાં છે.

વાણીની નીરવતા તો એમને સહજ છે જ. પણ તમામ ઈન્દ્રિયો-બધાં કરણો-શરીર-મનનાં ઉપકરણોને ઈંધણ બનાવી, સર્વ કામનાઓની સંપૂર્ણ આહુતિ ધરવાથી એમના અંતરાત્માનો અગ્નિ પ્રકાશિત થઈ ઊઠ્યો છે, જેનો પર્યાય બન્યો છે : 'નિષ્કામ ભક્તિ'. સર્વ પ્રકારની ઉપાસનાના સારસમી આ કબીરચીંધી ભક્તિ તેઓશ્રીના સમગ્ર અસ્તિત્વનું નિમિત્ત કારણ બની છે.

**'ઔર કર્મ સબ કર્મ હૈ, ભક્તિ કર્મ નિષ્કર્મ**
**કહે કબીર પુકાર કિ ભક્તિ કરો તજી ભર્મ.'**

આવી ભક્તિ, કોઈ અગમ્ય જગતથી અવતરિત ઈશ્વરનું જ બીજું નામ છે. આ વિશેષ પ્રેમની ઉપલબ્ધિ એને જ થાય છે જે પોતાની ભીતર, પોતાના જ ચિદાકાશમાં પરમાત્મામાં મસ્ત થઈને રહે છે. પૂજ્યશ્રી યોગેશ્વરજી ગાય છે તેમ;



'પ્રભુપ્રેમ જાગી ગયો મારા પ્રાણમાં, પ્રેમપાવો વાગી ગયો મારા પ્રાણમાં.' પૂજ્યશ્રી'મા' પણ ગાય છે :

'તનમાં હરિ, મનમાં હરિ, સર્વેશ્વરીના અંતરે હરિ.'

આમ શ્રીહરિનું નામ મળી જતાં મન નિઃશંક થઈ જાય. કાળ પણ એના દ્વાર પર ખડો થઈ જાય તો ય એ નિષ્કંપ ! કેમકે હવે કોઈ કર્તવ્ય શેષ રહ્યું જ નથી, કરવા જેવું કંઈ બચ્યું જ નથી. જેને આવો બ્રહ્માનંદ મળી ગયો તે સંસારના વિષયોમાં ન જ પડે પણ ક્યારેય પ્રમાદ ન કરે, ગાફેલ ન રહે. ભીતર જેનું તત્ત્વાનુસંધાન થઈ ગયું, એના દિલમાં પ્રભુપ્રેમ ભરાય છે, ઉભરાય છે, ઊછળે છે, આંખોમાંથી વહે છે-કરુણારૂપે ! પછી બધા એક જ 'અમે'. કોઈ 'તમે' નહિ.

પૂજ્યશ્રી'મા'માં પ્રેમની ત્રણ અવસ્થાઓ એકસાથે પ્રગટ થાય છે : સ્વયંનો પ્રેમ, એમનામાંથી સતત વહેતો પ્રેમ જે એમને એવા ભીતર-બહાર પ્રેમપૂર્ણ બનાવી દે છે કે જે બીજાને પણ રૂપાંતરિત કરી દે છે.

'પ્રેમમાં હોવું' (બીઈંગ ઈન લવ) અને 'પ્રેમ જ હોવું' (બીઈંગ લવ)માં ફેર છે. પૂજ્યશ્રી'મા' સ્વયં પ્રેમસ્વરૂપા છે. અર્થાત્ ભીતરથી પ્રગટતો અસ્તિત્વમાત્ર પ્રત્યેનો પ્રેમ છે. આવા પ્રેમને જે જાણે-પ્રતીત કરે છે તે પરમાત્માને જાણે છે. જ્યારે પ્રેમ કરુણા બને છે ત્યારે પરમાત્માનું દ્વાર બને છે.

પૂજ્યશ્રી'મા'ના આ પ્રેમનો અર્થ એટલો જ છે કે, 'મારો આનંદ, મારી ખુશી, મારી ઉપલબ્ધિ બધાં સુધી પહોંચી જાય.' તેઓશ્રી સતત અનુભવે છે કે, 'પૂર્ણમાંથી પૂર્ણ નીકળી જાય છતાં પૂર્ણ શેષ રહે છે. અર્થાત્ મારી પાસે એવો પ્રેમ છે, જે હું આપી

દઉં તો પણ એટલો જ બચે છે, જેટલો હતો.'

પૂ.શ્રી'મા'નો પ્રેમ પોકારી-પોકારીને આપણને કહે છે : 'તમે પરમાત્માથી સભર બનો. તે જ તમારા હૃદયમાં ધબકવા લાગે. તમારા શ્વાસમાં સમાહિત થાય. તમારા વિચારોમાં પણ તે જ હોય. જે કંઈ અંતરમાં છે તેને પરમાત્મામાં લીન કરી દો. પરમાત્માના રૂપ-રંગથી આવૃત્ત થઈ જાઓ. એનાથી એટલા ભરાઈ જાઓ કે અન્ય માટે અંતરમાં રતીભાર જગ્યા ન રહે.' આ જ 'અનન્ય ભક્તિ'નો અર્થ છે.

'પરિવર્તનશીલ જગત પ્રત્યેથી પ્રેમતત્ત્વને વાળીને શાશ્વત તરફ વાળવામાં આવે તો તે ભક્તિ બની જાય છે. પછી તમારા હૃદયમાં જ છે તેને જ સાંભળશો ને જગત એનો પ્રતિધ્વનિ બની જશે. પ્રભુપ્રેમ ગહન થતાં ચારેબાજુ તેનો જ પ્રતિઘોષ સંભળાશે. એ અવસ્થામાં તમે પછી જે કંઈ કરો તે પ્રભુપૂજા. પછી ખાસ બેસીને પૂજા નહિ કરવી પડે.'

આમ પૂજ્યશ્રી'મા' આપણને પૃથ્વી ઉપર જ પ્રેમરૂપી સ્વર્ગનું નિર્માણ કરતાં શીખવાડે છે. જો મૃત્યુની ક્ષણ સુધી આપણે દુઃખી જ રહેવાનું હોય. સુખ મરણોત્તર જ હોય તો એનો શો અર્થ ? જ્યારે કોઈ વ્યક્તિ એવી રીતે જીવે કે જાણે એ સ્વર્ગમાં જ છે ત્યારે મૃત્યુ એનું કંઈ છીનવી શકતું નથી. ઊલટું મૃત્યુ જ્યારે દ્વાર પર આવે ત્યારે આનંદ-પ્રેમથી એનું સામૈયું કરી શકાય એટલી સજ્જતા અંદરથી પ્રગટે. એટલે આપણો બધો પ્રયત્ન એ સમજવાનો હોવો જોઈએ કે સ્વર્ગ અહીં જ છે. બીજે ક્યાંય નથી. પ્રસન્ન રહેવા માટે કોઈ જ તૈયારીની જરૂર નથી. પ્રેમપૂર્ણ થવા માટે કોઈ જ શિસ્તની આવશ્યકતા નથી. જરૂર છે



માત્ર થોડી જાગૃતિની, થોડી સમજદારીની અને સજગતાની. અધ્યાત્મ જો આટલી સમજણ પણ ન આપી શકે તો એ સાચું અધ્યાત્મ જ નહિ.

કેવળ પ્રભુપરસ્ત 'મા'નાં જીવનમાં જે જે 'પરિસ્થિતિઓ' આવતી ગઈ, એ સર્વને 'પ્રભુના પ્રેમપત્રો' તરીકે એમણે આવકારી એટલું જ નહિ, એ નિમિત્તે જે જે વ્યક્તિઓ એમના જીવનમાં આવતી ગઈ એ સર્વના અંતરાત્મા સાથે એમનો સ્નેહનાતો સહજ રચાતો ગયો. 'પ્રેમ સર્વને માટે, આસક્તિ કોઈ માટે નહિ.' બધાંની વિશેષતાઓને ઈશ્વરીયદેન 'મા'નીને 'મા' પોતાના હૃદયમાં ઉતારતાં ગયાં. પછી એ માનવી હોય, પશુપંખી હોય કે વનસ્પતિસૃષ્ટિ હોય !

આજે સાહિત્ય, સંગીત, શિક્ષણ, વિજ્ઞાન, ફોટોગ્રાફી, ઑડિયો-વિડીયો-ઍપ સઘળી ટૅકનોલોજી, આરોગ્યશાસ્ત્ર, શ્રમજગત, કૃષિજગત, ધર્મશાસ્ત્રો, ધર્મો-સંપ્રદાયો, રાષ્ટ્રીયતા, આંતરરાષ્ટ્રીયતા, વૈશ્વિકતા, ત્રિલોક-સર્વનું ઐશ્વર્ય 'મા' સન્માને છે, 'સર્વ દિશાઓમાંથી આવતા બેસુમાર ચૈતન્યધોધોને પોતાની અંતર્ધારાનો અંશ બનાવી દે છે.' તેથી જ ગૂગલની માનવજાતની સેવાને બિરદાવતો પત્ર લખે છે. રાષ્ટ્રના કલ્યાણ માટે રોજ પ્રાર્થના-પ્રણામ કરે છે, કરવા સૂચવે છે. કોરોનાની મહામારી માટે સંપૂર્ણ સજગ રહી, પ્રભુને પ્રતિપળ જગત્કલ્યાણ માટે પ્રાર્થે છે.

પૂજ્યશ્રી'મા' તમામ માનવસંબંધોનું ગૌરવ કરી, એમાંની સંવેદનશીલતાનું માહાત્મ્ય કરી; પોતાની સંવેદના સાથે એને રસી લે છે. બાળકથી માંડીને અતિ વૃદ્ધ સુધી, સામાન્યજનથી

માંડી અસાધારણ પ્રતિભા સુધી એમનો ચૈતન્યતાનો પ્રસરે છે. સર્વ દિશાઓનાં સર્વ શુભ તત્ત્વોને સન્માની પોતાના અંતરે પ્રતિષ્ઠિત કરે છે.

જેમ જેમ વર્ષો વીતતાં જાય છે તેમ તેમ પૂ.શ્રી'મા'ની ચેતનાનાં વર્તુળો વિસ્તરતાં જાય છે. પરિઘ વિશાળ ને વિશાળ થતો જાય છે. અલબત્ત, કેન્દ્રસ્થાને તો બિરાજેલા રહે છે- તેઓશ્રીના શ્રીગુરુદેવપ્રભુ ! 'તદ્દૂરે તદ્દન્તિકે'ની જેમ 'મા'નો 'શ્યામલ પરમ સખા' બની પ્રતિપળ પોતાની સાથે ને સાથે વિહરતો પૂ.શ્રી'મા' અનુભવે છે.

પૂ.શ્રી'મા'ના અસ્તિત્વની આ જ વાત આપણને બહુ સ્પર્શી જાય છે. દ્વૈત, દ્વન્દ્વ, પોતાનું-પારકું અહીં કોઈ તબક્કે છે જ નહિ. જે કંઈ જીવનપથમાં આવી મળ્યું, એ સર્વ એમનું આત્મીય બનીને એમના હૃદય-પ્રાણનો અંશ બનીને એકરસ થઈ ગયું. પ્રથમ પહેલાં તો 'મા' જ ઓગળે પછી એમની સંનિકટ જનાર સર્વ કોઈ, સર્વ કાંઈ ઓગળી; એમની સાથે એવાં 'સમરસ' થઈ જાય છે કે, 'મધુર અદ્વૈત' સહજ રચાય છે.

પૂ.શ્રી'મા'ની આ ઓગળવાની-ઓગાળવાની વાત પર જ એમની અધ્યાત્મકથા આરંભાય છે અને આ જ બિંદુએ એ પરિપૂર્ણ થાય છે. 'પ્રેમની સર્વસમાવેશકતા'ના સમ પર સંવેદનાના સાતે સૂર જાણે સ્થિર થાય છે. બસ, આનાથી અતિરિક્ત એમને કંઈ સિદ્ધ કરવું નથી.

આમ, એક દેહધારી આત્મા પૃથ્વી પર આપણી વચ્ચે વિહરતો, કર્મરત રહેતો દેખાય છતાં સદૈવ સાધનારત રહી;



શરીર-મન-વાણીનાં તમામ આવરણો હઠાવતો હઠાવતો 'નિરાવરણ-શુદ્ધ ચૈતન્યસ્વરૂપે' એવો સોહી રહે છે કે, એમાં એમનું આંતરઐશ્વર્ય છલકાઈ છલકાઈ રહે છે. અને એ ઐશ્વર્યની પ્રતીતિ થતાં જ સમજાય છે કે, 'લૌકિક દૃષ્ટિએ પૂ.શ્રી 'મા' ભલે શરીરરૂપે દેખાય પણ આધ્યાત્મિક દૃષ્ટિએ તો એ સર્વોપરી ચેતના જ છે.' તો આ પૂર્ણ પ્રકર્ષ પામેલી ચેતના એ જ એમનું આંતરઐશ્વર્ય. એ જ એમનું સાચું-દિવ્ય-અલૌકિક સ્વ-રૂપ !

પૂ.શ્રી 'મા'ના આંતરઐશ્વર્યની, એમનામાં 'અવતરિત દિવ્ય ચેતના'ની અનુભૂતિ ઘણાંને ઘણી રીતે થઈ છે. જેમકે;

★ મહાત્મા શ્રી યોગેશ્વરજીએ ૨૫ માર્ચ, ૧૯૭૮ના રોજ સુરતના કોટયર્કનગરમાં પૂ.શ્રી 'મા'ની ષોડશોપચાર પૂજા કરી હતી.

★ દક્ષિણેશ્વરની યાત્રા વખતે કાલીમાતાનાં દર્શન કરીને પાછા આવતા ભક્તોને શ્રી યોગેશ્વરજીએ કહ્યું; 'દર્શન કર્યા ? ન કર્યાં હોય તો કરી લો.' ને 'મા' તરફ આંગળી ચીંધી કહ્યું; 'જે ત્યાં છે તે જ અહીં છે. એ બોલતાં નથી, આ બોલે છે.'

★ અરુણાચલ પર્વતની વિરુપાક્ષી ગુફામાં 'મા'નાં નેત્રો નિમિલિત હતાં તે પૂજારીએ અચાનક એમની આરતી ઉતારી !

★ અરુણાચલ પર્વત પર આરોહણ કરતાં 'મા'નાં દૂરથી દર્શન કરી, એક શ્વેતવસ્ત્રધારી સાધુ બોલ્યા; 'પૂજ્યાત્મા હૈ, પરમાત્મા હૈ.'

★ કાશી વિશ્વનાથ મંદિરના એક ખૂણામાં હાથ જોડી, બંધ નેત્રોએ ઊભેલાં 'મા'ને ત્યાંના પૂજારીએ શિવલિંગનો હાર પહેરાવી દીધો.

★ સપ્તશૃંગીમાં 'મા' તરફ આંગળી ચીંધી એક બહેન બોલ્યાં. 'જે ઉપર બેઠાં છે તે જ આ છે.'

★ વૈષ્ણવીદેવીમાં 'મા'ની આગળ ચાલતા એક ભાઈ પાછા આવી, 'મા'ને પ્રણામ કરી જતા રહ્યા.

★ શિરડીના સાંઈબાબાના મંદિરની બહાર બાંકડા પર બેઠેલા એક ભાઈ 'મા'ને જોતાંવેંત જ ઊઠ્યા ને 'મા'ને પ્રણામ કરી ચાલ્યા ગયા.

★ સોમનાથના મંદિરમાં 'મા' પ્રવેશતાં જ પૂજારીએ શિવલિંગ પરનો હાર ઉઠાવી, 'મા'ની ગ્રીવામાં પહેરાવી દીધો.

★ ઈન્દિરાદેવીનાં દર્શન માટે સાધકો સાથે કતારમાં ઊભેલાં 'મા'નો હાથ પકડી, ઈન્દિરાદેવીએ 'મા'ને પોતાની બાજુની ગાદી પર બેસાડ્યાં.

પૂજ્યશ્રી'મા' 'પ્રભુપ્રેમદ્વાર' છે એ હકીકત તો સ્વયં સ્પષ્ટ છે જ. પણ આ 'દ્વાર' આપણા માટે અહર્નિશ ખુલ્લું છે એટલું જ નહિ, સદૈવ આપણી પ્રતીક્ષામાં હોય છે. એ આપણું પરમ સૌભાગ્ય છે, એમ સમજી રાચવું એના કરતાં પૂજ્યશ્રી'મા'ની અસીમ કરુણાનો અનુગ્રહ અનુભવી; એ દ્વારે 'અઠે દ્વારકા' માની, એમનાં શ્રીચરણોમાં હંમેશ માટે અહમ્ વિસર્જિત કરી ધન્ય થઈ જવાનો અવસર ન ચૂકી જઈએ. એ માટે સજગ બનીએ, જાગૃત રહીએ.

**—સંકલન**



# ॥ પૂ.શ્રી 'મા' : સહજ ચૈતન્યધારા ॥

પૂ.શ્રી 'મા' સર્વેશ્વરી અધ્યાત્મજગતનું એક લગભગ અ-પ્રસિદ્ધ છતાં પરમ સિદ્ધ નામ ! એવું શુભ નામ કે, જે મનમાં ઉચ્ચારવા જતાં જ આપણી ચોતરફ સ્નેહસુરક્ષાનું એક એવું કવચ રચી દે છે કે સંસારની કોઈ સમસ્યા એને ભેદવાનું તો શું એના તરફ ફરકવાનું નામ સુદ્ધાં ન લઈ શકે.

'મા' જેના પર વરસે એની હર હાલમાં રક્ષા થાય, અને એ એવી સહજતાથી થાય કે 'જેની' રક્ષા થઈ છે, 'જેનાથી' રક્ષા થઈ છે; એનો ઘસરકો-લીસોટો સુદ્ધાં ન વરતાય, માત્ર 'પ્રેમની મધુર ફરફર' સમગ્ર વાયુમંડળમાં તમને અનુભવવા મળે.

પ્રેમની આવી કોમળતા-સુકુમારતા એ 'મા'ના પ્રેમની એક અનુપમ-અદ્વિતીય પહેચાન છે.

આપણા જીવનનું સઘળું યોગક્ષેમ એવી રીતે સચવાય કે, જાણે આપણને એવું લાગે કે, આમ તો થવાનું જ હતું ! જરા સરખો ભાર નહિ, લેશમાત્ર એના પ્રત્યે ઋણભાવ નહિ; જાણે આપણો હક હતો અને આપણને મળ્યો ! પ્રભુ દરેક પગલે આપણી એવી-એટલી સ્નેહભરી દરકાર કરે, આપણી સાથે એવી concern નિસબત દાખવે; કોઈ વિશિષ્ટ સંબંધનો-નાતાનો પણ જરાસરખો ઉલ્લેખ-નિર્દેશ-અણસાર બતાવ્યા સિવાય. જેમ નિમ્નગા (નિમ્નં ગચ્છતિ ઈતિ) નદી સમંદર તરફ સહેજે વહે એમ એ કૃપા સતતવાહી રહી, આપણને સ્નેહથી સાચવે.

'મા'ના આવા અતિ મૃદુ સ્નેહસ્વરૂપને અનેક પ્રસંગે અનુભવ્યા પછી મને પ્રશ્ન થાય છે કે, આવી મૃદુતા-સુકુમારતા આવી ક્યાંથી હશે ? કદાચ 'મા'નું આ શીલ છે, એમની આ જીવન જીવવાની રીતિ છે, અથવા તો એમની ભીતર પ્રભુપ્રેમની ગ્રહણક્ષમતાનો જે અદ્‌ભુત ગુણ છે, એનો જ આ આર્વિભાવ છે.

સદ્‌ગુરુની સંનિધિમાં હતાં ત્યારે એમનો પત્ર આવવાનો હોય તો ટપાલી નીચે ન નાખી જાય માટે ઊભાં રહી જાય દ્વારે, ને સ્વયં એ વધાવે સ્વહસ્તે ! કેવી આતુરતાભરી ક્ષણો-મિનિટો સેંકડો એમણે અનુભવી હશે ! ભાવની એ કેવી તીવ્રતા હશે ? પ્રેમની કેવી સૂક્ષ્મતા અને ઊંડાણ હશે ? પ્રિય આરાધ્યના પ્રેમછલકતા પત્રનું એમને કેવું માહાત્મ્ય હશે ? પ્રભુએ કદાચ પત્રમાં આ બધું બીડીને મોકલ્યું હશે. એટલે પત્રની વીગતો જાણે ગૌણ રહી જાય, બહાર થઈ જાય. ને ભીતરના આ સુપ્ત લખલૂટ ખજાનાથી 'મા'નાં રોમરોમ ન્યાલ થઈ જાય, ઝંકૃત થઈ જાય. આ પ્રસંગ આલેખવા જતાં એ ઝંકાર આ કલમ-કાગળને પણ સ્પંદિત કરી દે છે, સ્તબ્ધ, કરી દે છે.

એકવાર તો થઈ આવે છે :

'લેને તારી લાકડી, લેને તારી કામળી,

ગાયો ચરાવવા નહિ જાઉં માવડી.'

બસ, અહીં જ અટકસ્થાન, ચરણ રુકે ત્યાં કાશી ! 'ભયો ભયો.' હવે આગળ-પાછળ ક્યાંય જવું નથી, કશું પામવું નથી. એક સૂક્ષ્મતાને અન્ય સૂક્ષ્મ ચૈતન્ય આવી રીતે પોતાની સાથે અનુસંધિત



કરી દે, પછી ભેદ ક્યાં ? ભિન્નત્વ ક્યાં ? બધું એકમેવ-અદ્વૈત છે. તો તેઓશ્રી-આપણે એવું દ્વૈત પણ રહ્યું જ ક્યાં ?

'મા'ની સંનિધિમાં કોઈ ઉતાર-ચઢાવ, પાછળ-આગળ, એક-બે-ત્રણ...એવી ગણતરી એવાં સોપાન-એવી ઉચ્ચાવચતાની ભૂમિકાઓ કશું જ છે નહિ ! સીધી-સમતલ-સપાટી પર એકધારી, સ્થિર સ્થિતિ-એ જ એની ગતિ-પ્રગતિ ! એ જ બિંદુએ ઠરી જવાય છે, ત્યાં જ ધ્યાન-સમગ્ર ચેતનાનું રોકાણ થઈ જાય છે. એકાગ્રતા અનાયાસે સમાધિભાવમાં જાણે સ્થિર કરી દે છે. એક અડોલ, નિષ્કંપ અવસ્થા !

કશું નક્કર હાથમાં આવે એવું છે જ નહિ. નરી પ્રવાહિતા, તરલતા, સ્થિતિદૃઢતા. જેમાં વહેતા રહેવામાં જ ધન્યતા !

ડૂબવાનો ભય નહિ, તરવાની ઉપાધિ નહિ, માત્ર સાથે-હારોહાર વહ્યા કરવાની મસ્તી માણવાની ! જીવનમાં 'હતું-હશે'નું કોઈ ચક્કર-વમળ જ નહિ ! માત્ર છે-હયાત છે-અસ્તિત્વ એની ઉપસ્થિતિનું જ મહિમાગાન ! 'હાજરી હોવી' એમનું 'હોવું' જ અનન્ય કલ્યાણકારી !!

આ 'મા' જ્યારથી જીવનમાં પધાર્યા છે ત્યારથી મનનાં ખગોળ-ભૂગોળ બદલાઈ ગયાં છે.

'સત્યપથ'નાં શ્વેતવસ્ત્રાવૃત્તા 'મા' સર્વેશ્વરીનું પ્રથમ દર્શન ! પ્રેમ-કરુણા સામેથી વરસાવવા આવ્યાં હોય એમ ઇચ્છાઓની લહાણી કરવા લાગ્યાં, ઇચ્છિત વસ્તુઓ-પરિસ્થિતિઓની લહાણી ! એક જીવ કેવળ તેમને દ્વારે આવીને ઊભો રહ્યો, એને રિફ્રેશર્સ કૉર્સ માટે અમદાવાદની બહાર નહોતું જવું, તો કૉર્સ

અમદાવાદમાં યોજાવી દીધો ! એક રાતમાં અમાસ પૂનમમાં ફેરવાઈ ગઈ ! અને એ પૂનમની ચાંદનીએ કંઈ કેટલાયના હૃદયને ઠાર્યાં !!! જે હૃદયોને અમાસ-પૂનમ વચ્ચેનો ફેર શું એ ખબર હતી પણ ગણકાર્યો નહોતો. એટલે 'ચાંદની'ના શીળા પ્રકાશમાં નિમજ્જન કરવાનો લ્હાવો કોના થકી આવ્યો એ જાણવા સુદ્ધાંની જિજ્ઞાસા તેમને ન હતી. પણ મારા કૅલેન્ડરમાંથી તો 'સામટી અમાસો' અદૃશ્ય થઈ ગઈ ! જીવનમાં માત્ર પૂનમો જ પૂનમોનું સામ્રાજ્ય એકચક્રી રહ્યું. (ગુરુ અંધકારને દૂર કરી, જ્ઞાનનો અજવાસ ફેલાવે છે એ અર્થ તો પછી-પાછળથી બરાબર સમજાયો) ફૂલ પહેલાં ફળ આવી ગયું ! બીજી વાત-મેલેરિયાની માંદગીની વાત. ક્વિનાઈન વગર જાય નહિ ને ક્વિનાઈન એની આડઅસર મૂક્યા વિના રહે નહિ ! પણ ક્વિનાઈને, આડઅસર વિના તાવ દૂર કર્યો ! બીમારી 'મા'ની આજ્ઞાંકિત હોય એમ આવી ચાલી ગઈ !

—આમ બે દાવમાં અણધારી સફળતા મળી. પછી 'મા' એ હાથમાં બાજી લીધી ! ને 'મા' એ પૂછ્યું, 'અરુણાચલ ગયાં છો ?'' મેં કહ્યું 'ના, મા'. 'મા' એ કહ્યું; 'તમારી કલમે પધારવા કૃપા કરી, એ સંતને 'થેન્ક્સ' કહેવા પણ નથી ગયા !' મેં કહ્યું; 'ના. 'મા' ઈચ્છા જ નથી થઈ.' તો 'મા' એ ફૂલનો દંડો ઉગામ્યો : 'ના ચાલે, ત્યાં જવું જ પડે. તમને ટીંગાટોળી કરીને પણ લઈ જવાં પડે !' ને ખરેખર, દસ જણની ટોળી કરી; 'મા' અરુણાચલ લઈ જઈને જ જંપ્યાં !

એ અદ્ભુત 'શ્રી રમણ પ્રણામયાત્રા' 'મા'ની સીધી 'તાકેલી કૃપા' હતી ! 'જ્ઞાનભાવમાં સાવધાની ન રહે તો અહંકાર આવી



જાય' એ અહંકારથી રખોપું કરવા જ એમણે આ યાત્રા યોજી. અને એના જ સીધા સુફળરૂપે 'અરુણાચલસ્તુતિ' કૃતિ રચાઈ. જેમાં જ્ઞાની ભક્ત શ્રી રમણની પ્રેમલક્ષણા ભક્તિ હૃદયદ્રાવક રીતે વ્યક્ત થઈ છે.

શ્રી મહર્ષિ કહે છે : 'આ અરુણાચલ પર્વત સ્વયં શિવ છે. (કૈલાસ શિવનું નિવાસસ્થાન છે) એના દર્શનથી જ નહિ, એના વિચાર માત્રથી મોક્ષ મળી જાય છે. એની પ્રદક્ષિણા કરવાથી જ 'શરીર-મન ભાવ'ની સમૂળગી વિસ્મૃતિ થઈ જાય છે.'

અને ત્યારબાદ ગંગાદર્શન ! હરિદ્વારના આર્યનિવાસના એ પાંચ દિવસ ! ગંગાજીની પવિત્રતા, શીતળતા, સ્વચ્છતા, (બધાં મલિન તત્ત્વોને પોતાનામાં સમાવી લઈ) બધાંને નિ-ર્મળ કરતો એનો સતત વહેતો જલપ્રવાહ, અણદીઠા સમુદ્ર તરફ ગતિ કરતો જ રહે છે. ક્યાંય રોકાતો, અટકતો નથી.

અને ગંગાદર્શનની સાથે જ ગંગાસદૃશ 'મા'ના પ્રેમની સમાંતરતા અદ્ભુત રીતે અનુભવાઈ ! 'મા' એ રચેલ 'ગંગાસ્તુતિ'નું સાંધ્યગાન-કીર્તન હજી કાનોમાં ગુંજ્યા કરે છે. સાથે જ રામતીર્થના ગ્રંથોનો સ્વાધ્યાય એક અનોખી અધ્યાત્મવિભૂતિના પરિચયથી ન્યાલ કરી દે છે.

ત્યાંથી પાછા ફરતાં રસ્તામાં મેની દાહકતાને બદલે વર્ષાછાંટણાં ! એક ચમત્કાર 'મા'ના પ્રેમનો ! જે અરુણાચલથી પાછા ફરતાં પણ અનુભવાયો હતો. એનો અર્થ એ કે, 'તમારે પરિસ્થિતિપ્રાપ્ત ગમે તેવી પ્રખર ઉષ્ણતાનો સામનો કરવો પડે તો ત્યાં વર્ષારૂપે 'મા' પધારવાનાં, સાથે રહેવાનાં જ છે !!!'

બહુ તપ-જપ ભક્તિ વર્ષો કર્યે તાપ કે વરસાદમાં છત્ર બનીને તો સંતો પધારે, પણ આખી મોસમ જ પલટી નાખે, એક નવી ઋતુનું જ રૂપ ધરીને જ્યારે કોઈ આપણી સમક્ષ પ્રગટ થઈ જાય; તો એને 'મા' નહિ 'દિવ્ય મા' જ કહેવાં પડે !!

અને ત્યાર પછી 'સત્યપથ' આવનજાવન માટેનું કોઈ તીર્થ નહિ, 'નિત્યનિવાસ'નું એક 'તીર્થો-તમ' બની ગયું. ઘર-સંસાર આવન-જાવન કરવાનું માધ્યમ બની ગયું.

ભીતર કંઈક એવું રોપાઈ ગયું કે, એનો 'ફાલ' હવે જીવનભર ઊતર્યા જ કરશે, અને એ 'પરમ પરમ હિતકારી' જ હશે. એવી એક શ્રદ્ધા સિદ્ધ થઈ ગઈ.

'મા'ના નિર્વ્યાજ-સતતવાહી પ્રેમનો, એમણે મારામાં મૂકેલા એકધારા વિશ્વાસનો સહજ પ્રત્યુત્તર હોય એમ 'નિર્મળ શ્રદ્ધા' મારા જીવનમાં સતત ઝગમગ્યા કરે છે.

'મા'ના સર્વથા સ્નેહસુરક્ષિત જહાજ પર પંખી બની બેસવાનું, નિર્ફિકર રીતે જેવા આવડે એવા સૂરમાં ગાન છેડ્યા કરવાનું 'સૌભાગ્ય' ધરી રહી છે આ 'શ્રદ્ધા' ! કૃતજ્ઞ હૃદય સદા પ્રાર્થે છે. પ્રાર્થતું રહેશે. એક જ પંક્તિ વારંવાર દોહરાવતું રહેશે : 'હે મા શારદે ! તારી પૂજાનું ફૂલ થવાની શક્તિ દે.'

—તરલા દેસાઈ

---

'સત્યાચરણથી સમગ્રતાની શુદ્ધિ થયા પછી જે કોમળતા ઝરે છે, એ 'પ્રેમ' છે.'



# ॥ એ છે સર્વેશ્વરીનો શ્યામ ॥

**(રાગ-આજ વૃંદાવન)**

**એ છે સર્વેશ્વરીનો શ્યામ રે**
**એણે ધાર્યાં છે વિધવિધ નામ**
**હસતો, રમતો, હરતો ફરતો**
**ક્ષણ ક્ષણ આવીને એ વરતો**
**ત્રિલોકે ધરે એની છાંય રે—એ છે**
**સખા, સ્વજન કે સેવક બનતો**
**માતની ગોદ હૂંફાળી ધરતો**
**એ તો ધારે છે વિધવિધ વેશ રે—એ છે**
**જ્યાં ત્યાં તકને શોધી લેતો**
**સર્વ સંબંધે આવી ઊભો**
**એની જગમાં મળે ના જોડ રે—એ છે**
**સર્વેશ્વરીથી ક્ષણ ના અળગો**
**છતાંયે ના કોઈને દેખાતો**
**દિવ્ય અલૌકિક એની કાય રે—એ છે**
**અનુભૂતિના બોલને ઝીલજો**
**શ્રી ચરણોમાં મસ્તક નમજો**
**લઈ જાશે પરમને ધામ રે—એ છે**

**—શ્રી 'મા' સર્વેશ્વરી**

**॥ કાવ્યની રસલક્ષી સમીક્ષા ॥**

'એ છે સર્વેશ્વરીનો શ્યામ' એમ કહેવાને બદલે 'આ છે

સર્વેશ્વરીનો શ્યામ રે.' એમ કહી દીધું હોત તો એ શ્યામને સીધા આપણે જોઈ લેત ને વાત પતી જાત. પણ કહેવાય છે. 'A true artist never comes to the point.' સાચો કલાકાર કેન્દ્રની વાત કદી ન કરે, અલબત્ત કેન્દ્રમાંથી ત્રિજ્યા લઈ, વર્તુળ-પરિઘ એટલો વિસ્તારે કે. તમે ગોળ-ગોળ ચકરાવામાં ઘૂમતા જ રહી જાઓ.

પૂજ્યશ્રી'મા' પણ 'એ છે સર્વેશ્વરીનો શ્યામ', એમ કહી આપણને ભારે ચાતુર્યથી-ચમત્કૃતિથી, રહસ્યલોકમાં ચક્કર લગાવવા પ્રેરે છે.

'એ' સર્વનામથી પૂ.શ્રી'મા'એ હરિને રહસ્યમય ટોચ પર બેસાડી દીધા છે. તમે પૂછવા જાઓ એને કે 'તમે સર્વેશ્વરીના શ્યામ ?'—તો 'મા કરે છે, એણે તો વિધવિધ નામો ધાર્યાં છે. એક નામમાં સમાય એ શ્યામ નહિ, આ ચૈતન્ય તો અનેક નામધારી છે, એક નહિ, અનેક છે.'

સ્વાભાવિક છે કે આપણી મૂંઝવણ વધે-ત્યાં બીજું એક રહસ્યનું જાળું ઊભું કરે. દેખીતી રીતે આપણને પ્રોત્સાહન આપવા એના અન્ય ગુણલક્ષણોની વાત કરે-એ સ્થિર, નિશ્ચેષ્ટ નથી, એ તો અતિ તરલ-ચંચળ-હસતો-રમતો હરતો ફરતો પકડ્યો પકડાય નહિ. (છતાં) ક્ષણ ક્ષણ આવીને વરતો-એના બદલાતા સંવેદનની પ્રત્યેક ક્ષણમાં 'મા'ને તો તે વરેલો જ રહે છે અને એની છાંય, 'મા' જ્યાં છે ત્યાં જ નહિ, સમગ્ર ત્રિલોકમાં ધરી રાખે છે, રખેને 'મા' આ લોકમાંથી બીજા લોકમાં વિહરવા નીકળી પડે તો ! પોતે મુક્ત સ્વરૂપે વિહરે, પણ કેન્દ્રે 'મા'નું વરણ કરીને ! અને 'મા'ને પણ ગમે તે લોકમાં વિહરવાની છૂટ-પણ ક્યાંય પ્રેમના સુરક્ષાચક્ર-છાંયરહિત નહિ



રહેવાનું !!! ફરી એને ઓળખવાના સંકેતો નિશાનીઓ 'મા' વધારતાં જાય છે. જે શ્યામ છે તે ઘડીમાં સખા, ઘડીમાં સ્વજન તો ઘડીમાં સેવક બની જાય. અને હૂંફાળી ગોદ ધરતો માત પણ બની જાય. એ વિવિધ નામધારીની સાથેસાથે વિવિધ વેશધારી પણ છે.

તક મળે ને આવી ઊભે એમ નહિ, જ્યાં ને ત્યાં, એ સ્વયં તક શોધી લે છે, (create કરી લે છે.) અને અમુક ચોક્કસ નાતાને આગળ કરીને નહિ, સર્વ સંબંધે એ આવી ઊભે છે. આખા જગતમાં એ અજોડ છે. (કેમકે એકેય સંબંધ એના અસ્તિત્વની સુગંધ વિનાનો નથી.)

હવે 'મા' છેલ્લો પાસો ફેંકે છે આપણને જીતવાની તક આપવા, આપણને એના વિવિધ અણસારા આપ્યા બાદ હવે તો સીધું કહી જ દે છે : સર્વેશ્વરીથી એ એકે ક્ષણ અલગ-વિભક્ત નથી. એનામાં જ જડાઈ ગયો છે. એકરૂપ, અભિન્ન થઈ ગયો છે. સર્વેશ્વરીમાં જ એનું સાક્ષાત્‌રૂપ, એનો સાક્ષાત્કાર થઈ શકે છે. પણ કોઈને એ દેખાતો નથી, પાછાં 'મા' જ આપણા પર દયા ખાઈ કહે છે : ક્યાંથી દેખાય ? એની કાયા દિવ્ય, અલૌકિક છે. અર્થાત્ સર્વેશ્વરીમાં પ્રત્યેક ક્ષણે પ્રગટ છે, એનો સંપૂર્ણ આવિર્ભાવ છે, છતાં એ સ્થૂળ નેત્રોથી જોઈ શકાય નહિ એવું દિવ્ય અલૌકિક એનું રૂપ છે !

કાવ્યની પહેલી પંક્તિથી માંડેલી રમત અહીં ૧૪મી લીટીમાં પૂરી થઈ જાય છે. શ્યામને ઢૂંઢવા-ઓળખવા-પામવા અખિલ વિશ્વને-વિશ્વમાં વસતા ભાવિકોને પડકાર કર્યો, થઈ શકે એટલી સહાય કરી; સંકેતો, ઈશારા, અણસાર આપી ! છેવટે શ્યામને ન શોધી શકો તો કંઈ નહિ, મને તો મળો, મને તો જુઓ, મારો

તો પરિચય કરો-એ મારામાં હાજરાહજૂર, હર ક્ષણ પ્રત્યક્ષ છે.

પણ પછી ભક્તવત્સલ 'મા' કરુણાથી કહે છે : એ અલૌકિક દિવ્ય હોવાથી ન જોઈ શકાય એવો છે. એટલે હવે તો એક જ માર્ગ છે તમારા માટે-દેવને પામવા દેવ બનો ! તમે સર્વ લૌકિકતા-સ્થૂળતાને પરહરો તો જ અલૌકિકતા. દિવ્યતાને પહેચાની શકો.

કાવ્ય સંવેદનનું એક સુંદર વર્તુળ અહીં કલામય રીતે સંપૂર્ણ કરી, નખશિખ સુંદર રચના સહજ સિદ્ધ થઈ રહે છે.

પણ, કવિપ્રતિભામાં પલાંઠી વાળી બેઠેલાં કલ્યાણમયી 'મા' છેવટે-'અનુભૂતિના બોલને ઝીલજો' એમ સીધો ઉપદેશ આપી રહે છે. (જ્યારે સુજ્ઞ ભાવક પૂર્ણતયા પ્રતીત કરી જ ચૂક્યો હોય છે કે, આ સ્વાનુભૂતિજન્ય વાણી જ છે !) શ્યામ તમારે માટે શ્રીચરણોમાં ભલે અણદીઠ્યો, અણઓળખ્યો હોય, પણ એને હૈયે સદા તમારું પરમ હિત વસેલું છે, એ તો તમને, પ્રત્યેકને ઓળખે જ છે, તમને પ્રેમથી પરમધામ લઈ જવા ઉત્સુક છે એટલે એના શ્રીચરણોમાં મસ્તક નમાવજો. આમ જે કાવ્ય વ્યંજનાનું ઉત્તમ ઉદાહરણ બનત. પણ છેવટે વાચ્ય બની જાય છે. આમ, 'મા'ની શ્રીકલમ કોઈ કલાપ્રેમી કવિયત્રીના હાથમાં નહિ, પરમ કરુણામયી 'મા'ના હાથમાં છે; તેથી કલાગત મર્યાદાને વહીને પણ એ એ જ કરીને જંપે છે, જે પરમ કલ્યાણમયી શ્રી શક્તિને કરવાનું છે.

કદાચ બીજું કારણ એ પણ છે કે, તમે શ્યામને ઓળખવામાં નિષ્ફળ જાઓ તો નિરાશ ના થશો. 'મા'ની અનુભવવાણીમાં શ્રદ્ધા રાખી, તમે જેને પરમાત્મા તરીકે માન્યા છે, જાણ્યા ભલે ન હોય. એના શ્રીચરણોમાં મસ્તક નમજો. (નમાવશો એવો



આદેશ નથી) સહજ નમી જાય, ઝૂકી જાય બસ તમારું કાર્ય ત્યાં પૂરું થયું ! બસ, તમે આટલું જ કરી જુઓ અને જો જો ! તમને એ પરમધામે-ગંતવ્યસ્થાને પહોંચાડી દેશે.

પોતે તો શ્યામને જાણી-નાણી-માણી રહ્યાં છે, પોતાની સમસ્ત ચેતના શ્યામમય થઈ ગઈ છે. 'એ છે સર્વેશ્વરીનો શ્યામ' પણ જે એને ચાહે-એનાં શ્રીચરણોમાં એક વાર મસ્તક ઝુકાવે એનો પણ એ બેડો પાર કરીને જ રહે એવો છે. એટલે છે એ મારો પણ તમારો થઈ રહેવા પણ એટલો જ ઉત્સુક છે.

પ્રભુ કેવા કરુણાનિધાન છે, એને સર્વ સરખા પ્રિય છે. એ એ જ છે, 'એ'નો 'આ' બનાવવાનો આગ્રહ ન રાખો, અર્થાત્ સ્થૂળ રીતે જોવાનો મોહ ન રાખો તદ્દૂરે તદ્દાન્તિકે-દૂર છતાં પાસે એવું એનું રૂપ સૂક્ષ્મ છે. જે મસ્તક નમાવતાં, અહંકારથી પરે થતાં જ હાજરાહજૂર થઈ જશે.

જે કાવ્ય મધુરાદ્વૈતની એક નખશિખ સુંદર રચના બની રહે એમ છે, એ રચના છેવટે 'એ શ્યામ સર્વેશ્વરીનો' એવો એકાધિકાર સર્વાધિકારમાં પરિવર્તિત કરીને રહે છે. 'એ શ્યામ સર્વેશ્વરીનો જ નહિ, સર્વનો બની રહે' એવી અભીપ્સા સાથે વિરમે છે. વ્યક્તિચેતના સમષ્ટિની ચેતનામાં પરિણમે તો જ સાર્થક ! ટૂંકમાં, ભાવસંકીર્ણતા-સંકુચિતતાનો સંપૂર્ણ છેદ ઉરાડતી આ રચના છેવટે 'All is one' ના વિશાળ ભાવલોકમાં આપણને પહોંચાડી કૃતાર્થ કરે છે; અને પૂજ્યશ્રી'મા'ના અતિ ઉદાર-વિશાળ ભાવજગતનું આ અદ્ભુત પ્રતિબિંબ બની રહે છે.

**–રસલક્ષી સમીક્ષા**

# ॥ પૂજ્યશ્રી 'મા' ૐ સ્વરૂપા ॥

પૂજ્યશ્રી'મા' સર્વેશ્વરીએ પિતાશ્રીએ વહાલથી અર્પેલ 'સરોજ' નામને વધાવી, જીવનભર જળકમળવત્ રહી સાર્થક કરી દીધું. સુરતના સાધના વિદ્યાવિહારમાં શિક્ષિકા તેમજ આચાર્યાના પદે વર્ષો રહી 'સરોજબેન' નામ અંગીકાર કરવાનું આવ્યું તો પોતાનાં અનન્ય ગૌરવ-ગરિમા-નિષ્ઠાથી એ સન્માન્ય નામની શોભા વધારી. સદ્ગુરુશ્રી યોગેશ્વરજીએ જગદંબાના કહેવાથી 'મા સર્વેશ્વરી' નામ અર્પ્યું તો શુચિતા-પવિત્રતા-મંગલમયતાનું મૂર્તિમંત જગદંબા સ્વરૂપ બની, સર્વનું ઈશ્વરીતત્ત્વ બહાર લાવવા અહર્નિશ મથી રહ્યાં.

ત્યારબાદ 'સર્વેશ્વરી' નામનો મુકુટ બહુ સાવધાનીથી-પ્રેમથી પોતાના શ્રીઅંકે ધારણ કરી લીધો, એક અક્ષર 'મા' પોતાના અસ્તિત્વમાં આત્મસાત્ કરી લીધો, જેથી હરકોઈ બાળક એમની પાસે વિના સંકોચે જઈ શકે, એટલું જ નહિ બાળકના યોગક્ષેમનો હવાલો પોતે 'મા'ની રૂએ લઈ શકે !

જીવનના દીર્ઘ પટ પર આ 'મા' નામ ધારણ કરી રાખ્યું. હવે જાણે પોતાનું ઈશ્વરદત્ત 'યુગ-કાર્ય' સમાપ્તિને આરે હોય એમ, હવે સૃષ્ટિના સર્વ જીવો સાથેના સંબંધમાંથી ઉપર ઊઠી, સર્વવ્યાપી ચૈતન્યતત્ત્વ ૐ સાથે અનુસંધિત થયાં છે.

ૐ શબ્દ પરમાત્માનો વાચક છે. પોતાના સ્વરૂપનો સાક્ષાત્કાર કરવા ઈચ્છનાર ઋષિઓને પ્રશ્ન થયો; 'કોઽહમ્' તો ઉત્તર મળ્યો 'સોઽહમ્'. અર્થાત્ આપણે પરમાત્માસ્વરૂપ છીએ, પરમાત્માથી જુદા નથી.

આમ, 'ૐ' શબ્દમાં પૂ.શ્રી'મા'ની 'આત્મિક સાધનાનો અર્ક' છે. 'ૐ' સ્વરૂપા-કેવળ ચૈતન્યસ્વરૂપા 'મા'ને ઓળખવા-અનુભવવા આપણે આપણું ચૈતન્યતત્ત્વ જગાડ્યું જ રહ્યું.

**–સંકલન**



# ॥ હાર્દિક અભિનંદન ॥

**('તેજસ્વિની' રક્ષિતાને તેની 'તેજસ્વી સિદ્ધિ' માટે)**

ન્યૂર્યોકની 'સ્ટાન્ડર્ડ ચાર્ટ્ડ વૈશ્વિક બૅન્ક'માં ઍક્ઝીક્યુટીવ ડાયરેક્ટર તરીકે છેલ્લાં તેર વર્ષથી સેવા આપતાં શ્રી રક્ષિતા જોષીને સમગ્ર અમેરિકાનું 'સ્ટાન્ડર્ડ ચાર્ટ્ડ મહિલા પથપ્રદર્શક પારિતોષિક' પ્રાપ્ત થયું છે. આ બૅન્કના વિશ્વના કુલ ૮૭૦૦૦ કર્મચારીઓમાં માત્ર ૧૭ બેનોને જ આ પારિતોષિક મળ્યું છે. ઉત્તર તેમજ દક્ષિણ અમેરિકા બંને ખંડમાં આ પારિતોષિક માત્ર રક્ષિતાને પ્રાપ્ત થતાં, તેઓશ્રીએ અમેરિકાનું તો ગૌરવ વધાર્યું જ છે. પણ આંતરરાષ્ટ્રીય નકશા પર ભારતીય નારીની ગરિમા પણ સિદ્ધ કરી છે. આ વિરલ-ઝળહળતી સિદ્ધિ માટે રક્ષિતાબેનને આપણાં સર્વનાં હાર્દિક અભિનંદન ! સિદ્ધિના આ સોપાને પહોંચવા સહયોગ ધરનાર તેઓશ્રીના જીવનસાથી શ્રી સમિતભાઈને પણ હૃદયના ધન્યવાદ !

પૂજ્યશ્રી'મા'એ આપણ સર્વને ધરેલો મંત્ર 'જે ધારો તે કરી શકો છો' તેઓશ્રીના જીવનમાં સાર્થક થયો છે. પૂજ્યશ્રી'મા'નાં પ્રેરણા-માર્ગદર્શન-પ્રેમ આપણને પ્રગતિની કેટલી ઊંચાઈએ લઈ જઈ શકે છે, તેનું આ જીવંત નિદર્શન છે.

વિશ્વના મંચ પર 'સ્વર્ગારોહણ'નું નામાંકન કરી, પૂજ્યશ્રી'મા'ની સંનિધિની ગરિમા સિદ્ધ કરનાર તેજસ્વિની રક્ષિતાની આ અણમોલ સિદ્ધિને વધાવતાં સમગ્ર 'અધ્યાત્મ પરિવાર' આનંદ અને ગૌરવની લાગણી અનુભવે છે.

**–'અધ્યાત્મપરિવાર'**